RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 146 Dt. 19-12-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### અમેરિકાને પોતાની જ વ્યૂહરચના પડશે ભારે

# અમેરિકા ગંભીર પરિણામો માટે તૈયાર રહે : રશિયા

## ટ્રમ્પે પ્રતિબંધિત ઓઈલ ટેન્કરની અવરજવર પર પ્રતિબંધનો આદેશ કરતા રશિયા હરકતમાં : વેનેઝુએલાને સંયમ રાખવા પુતિન સરકારની ચેતવણી

નવી દિલ્હી, તા.૧૮

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં પ્રતિબંધિત ઓઈલ ટેન્કરની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધનો આદેશ કર્યો છે, જેને તેમણે 'ટોટલ એન્ડ કમ્પલેટ બ્લોકેડ' કહ્યું છે. જેને ઓઈલની નિકાસ કરતાં નિકોલસ માદુરો સરકાર પર દબાણ વધારવાનું પગલું માનવામાં આવે છે. અમેરિકાએ પહેલાથી જ એક ટેન્કર જપ્ત કરી લીધું છે અને કેરેબિયન સમુદ્રમાં મોટી નૌકાદળ તૈનાત કરી દીધી છે, જેના કારણે રશિયાએ ટ્રમ્પને ધમકી આપી છે કે, 'ભયંકર પરિણામ માટે તૈયાર રહેજો...'મોસ્કોએ કહ્યું કે, 'આશા રાખીએ છીએ કે ટ્રમ્પ વહીવટીતંત્ર ઘાતકી ભૂલ ન કરે, કારણ કે તેનાથી સમગ્ર પશ્ચિમી વિસ્તારમાં અણધાર્યું પરિણામ આવી શકે છે.' નોંધનીય વાત છે કે, રશિયા વેનેઝુએલાને પોતાના નજીકના સહયોગી માને છે અને કારાકાસની સાથે સતત સંપર્કમાં છે. ક્રેમલિને સંયમ રાખવાની અપીલ કરી છે, જ્યારે વેનેઝુએલાએ અમેરિકાના આ પગલાંને 'સમુદ્રી લુટેરા' ગણાવ્યું છે.

ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું કે, 'અમે ક્ષેત્રના તમામ દેશોને અણધાર્યા વિકાસથી બચવા માટે સંયમ રાખવાનું આહ્વાન કરીએ છીએ. કેરેબિયન સાગરમાં અમેરિકન યુદ્ધ જહાજોની હાજરીના કારણે નાકાબંધીના પરિણામ સ્પષ્ટ નથી. કેમલિન મુજબ તેઓ તેમના સહયોગી અને ભાગીદાર વેનેઝુએલા સાથે નિરંતર સંપર્કમાં છે.'આ અઠવાડિયાની શરૂઆતમાં ટ્રમ્પે પોતાની જાહેરાતમાં કહ્યું હતું કે, વેનેઝુએલા દક્ષિણ અમેરિકાના ઈતિહાસમાં સૌથી મોટા નૌકાદળથી સંપૂર્ણપણે ઘેરાયેલું છે, જેના કારણે સંભવિત યુએસ હસ્તક્ષેપનો ભય ઉભો થયો છે. ક્રેમલિન ભૂતકાળમાં વેનેઝુએલાના સંઘર્ષશીલ અર્થતંત્રને મજબૂત બનાવવામાં મદદ કરી છે. રશિયના નેતા વ્લાદિમીર પુતિને આ મહિનાની શરૂઆતમાં ફોન કોલમાં માદુરોને પોતાનું સમર્થન આપ્યું હતું.



અત્રે એ નોંધનીય છે કે, ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટી તંત્રએ ચીનને ઝટકો આપ્યો છે. વર્ષોથી બંને દેશો વચ્ચે ટ્રેડ વોરની સ્થિતિ છે અને હવે વ્યૂહનૈતિક મોરચા પર અમેરિકાએ એવું પગલું લીધું કે, ચીનને મરચાં લાગી ગયાનું મનાય છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટી તંત્રએ તાઈવાનને ૧૦ અબજ ડોલરના હથિયાર વેચવાની મંજૂરી આપી છે, જેના કારણે ચીન સાથે તણાવ વધી રહ્યો છે. ચીન તાઈવાન પર દાવો કરે છે. જોકે, તાઈવાની નેતૃત્વ સ્વતંત્ર દેશ પર ભાર મૂકે છે. તાઈવાને લઈને અમેરિકા અને ચીન અવાર-નવાર આમને-સામને આવી રહ્યા છે. એટલું જ નહીં, ૨૦૨૨માં અમેરિકન નેતા નેન્સી પેલોસી પણ તાઈવાન ગયા હતા અને આ દરમિયાન ચીની ફાઈટર જેટ્સે તેમના વિમાનનો પીછો કરવાનો પ્રયાસ કર્યો હતો. જેના કારણે તણાવ સર્જાયો હતો.

અમેરિકા તરફથી મંજૂર કરવામાં આવેલા પેકેજ હેઠળ તાઈવાનને મધ્યમ દૂરીની મિસાઈલ આપવામાં આવશે. આ સિવાય હોવિત્ઝર તોપ અને ડ્રોન્સનું વેચાણ પણ સામેલ છે. અમેરિકન વિદેશ વિભાગે બુધવારે મોડી રાત્રે આ હથિયારના કરારની જાહેરાત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની રાષ્ટ્રીય ટેલિવિઝન સંબોધન દરમિયાન આ શસ્ત્ર સોદાઓની જાહેરાત કરી હતી. પોતાના ભાષણમાં ટ્રમ્પે વિદેશ નીતિના મુદ્દાનો ખૂબ ઓછો ઉલ્લેખ કર્યો અને ચીન સાથે વેપાર અથવા અન્ય બાબતે કોઈ વાત ન કરી. આ આઠ હથિયાર વેચાણ કરારમાં ૮૨ હાઈ મોબિલિટી આર્ટિલરી રોકેટ સિસ્ટમ્સ (HIMARS) અને ૪૨૦ મિલિટરી ટેક્ટિકલ મિસાઈલ સિસ્ટમ્સનો સમાવેશ થાય છે.

# રાહવીરને ૨૫ હજારનું ઈનામ : નીતિન ગડકરી

## અકસ્માત સમયે મદદ કરનારને રાહવીર ગણીને અપાશે પ્રોત્સાહન

નવી દિલ્હી, તા.૧૮

ભારતમાં દર વર્ષે લાખો લોકો રોડ એક્સિડન્ટમાં પોતાનો જીવ ગુમાવે છે. આ ગંભીર સ્થિતિને જોતા કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ લોકસભામાં એક મોટી જાહેરાત કરી છે. જે મુજબ હાઈવે પર અકસ્માત સમયે ઘાયલ વ્યક્તિની મદદ કરનાર માણસ હવે 'રાહવીર' તરીકે ઓળખાશે અને તેને સરકાર તરફથી ૨૫,૦૦૦ રૂપિયાનું રોકડ ઈનામ પણ આપવામાં આવશે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન ગડકરીએ જણાવ્યું કે, ભારતમાં દર વર્ષે અંદાજે ૫ લાખ અકસ્માત થાય છે, જેમાં ૧.૮૦ લાખ લોકોના મોત થાય છે. સૌથી દુઃખદ વાત એ છે કે, મૃત્યુ પામનારાઓમાં ૬૭ ટકા લોકો ૧૮થી ૩૪ વર્ષની વયના યુવાનો હોય છે. અઈઈઈખજ્ના એક રિપોર્ટને ટાંકીને તેમણે કહ્યું કે, 'જો અકસ્માતનો ભોગ બનેલા લોકોને સમયસર હોસ્પિટલ પહોંચાડવામાં આવે(ગોલ્ડન અવરમાં સારવાર મળે) તો દર વર્ષે ૫૦ હજાર



લોકોના જીવ બચાવી શકાય તેમ છે.

સામાન્ય રીતે રોડ અકસ્માત સમયે લોકો પોલીસ કે કાયદાકીય ગૂંચવણોમાં ફસાઈ જવાની બીકે ઘાયલ વ્યક્તિની મદદ કરતાં અચકાતા હોય છે, પરંતુ હવે આ ડર રાખવાની કોઈ જરૂર નથી. આ મામલે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ સ્પષ્ટતા કરી છે કે મદદ કરનાર વ્યક્તિએ પોલીસના ચક્કર કાપવા નહીં પડે. ઉલટાનું, માનવતા બતાવીને ઘાયલને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડનાર વ્યક્તિને સરકાર 'રાહવીર' તરીકે ઓળખાવશે અને તેમને પ્રોત્સાહનના ભાગરૂપે ૨૫,૦૦૦નું ઈનામ પણ આપવામાં આવશે. સરકારનો ઉદ્દેશ્ય લોકોમાં રહેલા ડરને દૂર કરી એક સુરક્ષિત અને મદદરૂપ સામાજિક વાતાવરણ ઊભું કરવાનો છે.

અકસ્માતના પહેલા સાત દિવસની સારવાર ખૂબ મહત્ત્વની હોય છે. તેથી સરકારે નિર્ણય લીધો છે કે, ઘાયલ વ્યક્તિની સાત દિવસ સુધીની સારવાર અને દોઢ લાખ રૂપિયા સુધીનો ખર્ચ સરકાર ઉઠાવશે. આ રકમ સીધી હોસ્પિટલના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે, જેથી ખાનગી હોસ્પિટલો પણ પૈસાના અભાવે સારવાર રોકી ન શકે. નીતિન ગડકરીએ અફસોસ વ્યક્ત કરતાં કહ્યું કે, 'લોકોમાં ટ્રાફિકના નિયમો પ્રત્યે આદર કે ડર ઓછો છે. સરકારે સુરક્ષા માટે કારમાં ૬ એરબેગ અને નવા ટુ-વ્હીલર સાથે ૨ હેલ્મેટ આપવાના નિયમો બનાવ્યા છે. અમિતાભ બચ્ચન જેવા સ્ટાર્સ દ્વારા પણ જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે. તેમજ લોકોએ પોતાની વર્તણૂક બદલવી પડશે અને ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરવું પડશે.

### આત્મઘાતી બોમ્બર યાસીર ડારએ હુમલો કરવાની લીધી'તી પ્રતિજ્ઞા

# દિલ્હી : NIAએ બ્લાસ્ટ કેસમાં ૯મો આરોપી દબોચ્યો

નવી દિલ્હી, તા.૧૮

દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટના કેસમાં એક મોટી કાર્યવાહીમાં, એનઆઈએ એ શોપિયાના યાસીર અહેમદ ડારની ધરપકડ કરી છે. આ કેસમાં આ નવમી ધરપકડ છે. એનઆઈએ નો દાવો છે કે યાસીર, એક આત્મઘાતી બોમ્બર, દિલ્હી પર હુમલો કરવાના કાવતરામાં સક્રિય રીતે સામેલ હતો. તેણે રાજધાનીમાં આત્મઘાતી હુમલો કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ ) એ ગયા મહિને દિલ્હીમાં થયેલા લાલ કિલ્લા વિસ્ફોટ કેસમાં વધુ એક મુખ્ય શંકાસ્પદની ધરપકડ કરી છે. આ કેસમાં આ નવમી ધરપકડ છે. આરોપીની ઓળખ યાસિર અહેમદ ડાર તરીકે થઈ છે, જે જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરના શોપિયાન વિસ્તારનો રહેવાસી છે. તેની દિલ્હીમાં ધરપકડ કરવામાં આવી હતી.

એનઆઈએ નું કહેવું છે કે યાસિર પણ એક આત્મઘાતી બોમ્બર છે અને તેણે દિલ્હીમાં આત્મઘાતી હુમલો કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૬૭ અને ભારતીય દંડ સંહિતાની કલમો હેઠળ કેસ નંબર RC-૨૧/૨૦૨૫/એનઆઈએ/DLI માં ધરપકડ કરવામાં આવી છે.એનઆઈએ તપાસમાં જાણવા મળ્યું છે કે યાસીને ૧૦ નવેમ્બરના રોજ દિલ્હીમાં થયેલા કાર બોમ્બ વિસ્ફોટ પાછળના કાવતરામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તે આ કાવતરામાં સક્રિય રીતે સામેલ હતો અને તેણે આત્મઘાતી હુમલો કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે યાસીન આ કેસના અન્ય આરોપીઓ, જેમાં આતંકવાદી ઉમર નબી અને મુફ્તી ઈરફાનનો સમાવેશ થાય છે, સાથે સતત સંપર્કમાં હતો, જેમણે બોમ્બ વિસ્ફોટ કર્યો હતો. એનઆઈએ , કેન્દ્રીય અને રાજ્ય એજન્સીઓ સાથે મળીને, આ આતંકવાદી ષડયંત્રનો સંપૂર્ણ પર્દાફાશ કરવા માટે કામ કરી રહી છે.

# ભારત-ઓમાન વચ્ચે ફ્રી ટ્રેડ ડીલ ફાઈનલ

## PM મોદીને 'ઑર્ડર ઑફ ઓમાન'થી સર્વોચ્ચ નાગરિકનું અપાયું સન્માન

નવી દિલ્હી તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ઓમાનના સુલ્તાન હસીમ બિન તારિક અલ સઈદ સાથે મુલાકાત કરીને દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરી હતી આ દરમિયાન ભારત અને ઓમાને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા હતા. આ દરમિયાન ઓમાન સરકારે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવામાં યોગદાન માટે વડાપ્રધાન મોદીને સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઑર્ડર ઑફ ઓમાન'થી સન્માનિત કર્યા હતા.



આવા કરારથી ભારતના શ્રમ-પ્રધાન વિસ્તારો જેવા કે વસ્ત્ર, ચામડું, ફૂટવેર, રત્નો અને ઝવેરાત, એન્જિનિયરિંગ ઉત્પાદનો, પ્લાસ્ટિક, ફર્નિચર, કૃષિ ઉત્પાદનો, ફાર્માસ્યુટિકલ્સ, મેડિકલ ડિવાઈસ અને ઓટોમોબાઈલ્સની નિકાસમાં વધારો થવાનું મનાઈ રહ્યું છે, આનાથી રોજગારીનું સર્જન થવાની અને કારીગરો, મહિલા-આગેવાની હેઠળના સાહસો અને MSME મજબૂત બનવાની સંભાવના સેવાઈ રહી છે. છેલ્લા છ મહિનામાં આ ભારતનો બીજો મુક્ત વેપાર કરાર થયો હોવાનું કહેવાય છે. ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા છે, જેનાથી ખેડૂતો, વેપારીઓ અને નિકાસકારોને ફાયદો થયો હોવાનું માનવામાં આવે છે.

ભારતનો ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલના અન્ય સભ્ય દેશ સંયુક્ત આરબ અમીરાત (UAE) સાથે પણ આવો જ કરાર છે, જે મે ૨૦૨૨માં અમલમાં આવ્યો હતો. GCCના અન્ય સભ્યોમાં બહેરીન, કુવૈત, સાઉદી અરેબિયા અને કતારનો સમાવેશ થાય છે. ભારત અને કતાર પણ ટૂંક સમયમાં વેપાર કરાર માટે વાટાઘાટો શરુ કરશે. ૨૦૨૪-૨૫ નાણાકીય વર્ષમાં ભારત-ઓમાન દ્વિપક્ષીય વેપાર આશરે ૧૦.૫ અરબ અમેરિકન ડોલર હતો.

# કચ્છની માન ઈન્ડસ્ટ્રીઝ પર ITનું સર્ચ

## ૨૦ થી વધુ સ્થળો પર તપાસ : બિનહિસાબી વ્યવહારો સાથે ડિઝિટલ ડેટા પણ અધિકારીઓને હાથ લાગ્યા

રાજકોટ તા. ૧૮

છેલ્લા ઘણા સમયથી રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં આવકવેરા વિભાગ અને જીએસટી દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યા છે. જેમાંથી સેન્ટ્રલ એજન્સીને ખાસા એવા બેનામી વ્યવહારો અને જીએસટી ચોરી મળી આવી છે અને હજુ પણ દરોડા વિવિધ સ્થળો પર અને વિવિધ ક્ષેત્રોમાં થઇ રહ્યા છે. ત્યારે છેલ્લા પાંચ દિવસથી કચ્છમાં આવકવેરા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં ગાંધીધામ અને અંજારમાં કાર્બન સ્ટિલ પાઈપનું ઉત્પાદન કરતી માન ઈન્ડસ્ટ્રીઝના ૨૫ થી વધુ સ્થળો પર આવકવેરા વિભાગની ટીમ ત્રાટકી હતી અને કંપનીના પ્લાન્ટ અને ઓફિસ, માલિક તથા ભાગીદારોના નિવાસસ્થાન પર તપાસ હાથ ધરી હતી.

આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર અમદાવાદ ઈન્વેસ્ટિગેશન વિંગ દ્વારા આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં અનેક શંકાસ્પદ દસ્તાવેજોની સાથે ઘરેણાં તથા રોકડ મળી આવ્યા હોવાની પણ હાલ ચર્ચા થઇ રહી છે. મળતી માહિતી મુજબ, ૧૨ ડિસેમ્બરના રોજ વિવિધ સ્થળો પર અમદાવાદ આવકવેરા વિભાગની ટીમ દરોડામાં જોડાઇ હતી અને તપાસ હાથ ધરી હતી જેમાં ખૂબ વ્યાપક પ્રમાણમાં ડિઝિટલ અને હિસાબી સાહિત્ય મળી આવ્યું હતું. આ ઓપરેશન હાથ ધરાતાં જ વિવિધ ક્ષેત્રના માલિકો તથા ભાગીદારોમાં ફફડાટ મચી ગયો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ દરોડામાં અન્ય કનેક્શનો ખૂલે તેવું ચિત્ર ઊભું થયું છે. સાથોસાથ આવકવેરા વિભાગના અધિકારીઓ દ્વારા જે સામગ્રીઓ સિઝ કરવામાં આવી છે. તેનું અવલોકન પણ શરૂ કરી દીધું છે. હાલ જપ્ત કરેલ સાહિત્ય




અને જે બિનહિસાબી નાણાંકીય હિસાબો છે તેનો તાળો મેળવવાનો પ્રયત્ન હાલ ચાલી રહ્યો છે. જે તપાસ બાદ માલુમ પડશે કે કેટલા કરોડોની ચોરી માન ઈન્ડસ્ટ્રીઝ દ્વારા કરાઇ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, માર્ચ મહિના સુધીમાં ટાર્ગેટ પરીપૂર્ણ કરવા માટે દરોડા ઉત્તમ હથિયાર માનવામાં આવે છે અને વિભાગને ધારી એવી સફળતા મળે છે. ત્યારે આગામી દિવસોમાં આવકવેરા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવે તો નવાઇ નહીં. હાલ, રાજકોટ વિંગ દ્વારા પણ ઓપરેશન હાથ ધરાઇ તેવા સંજોગો ઊભા થઇ રહ્યા છે. ગાંધીધામ સહિતના શહેરોમાં જે આવકવેરા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા તેનાથી કંપની માલિકોમાં અને ભાગીદારોમાં ફફડાટ મચ્યો છે. કારણ કે, છેલ્લા ઘણા સમયથી કાર્બન સ્ટિલ પાઇપના ઉત્પાદનમાં રહેલી કંપનીની ફરિયાદો અને તેના દ્વારા કરવામાં આવતી ઈન્કમટેક્સની ચોરની વિગતો છેલ્લા ઘણા સમયથી આવકવેરા વિભાગ પાસે હતી. જેનું અવલોકન કર્યા બાદ અમદાવાદ વિંગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા.

માત્ર રાજકોટ જ નહિ પરંતુ રાજ્યભરમાં હાલ ઈન્ટકટેક્સ ચોરીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. તેના પર અંકુશ લાદવા માટે હાલ વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવી રહ્યા છે. સાથો સાથ સર્વે પણ થઇ રહ્યા છે. ત્યારે એજન્સીનો એક માત્ર અને મૂળભૂત હેતુ અને લક્ષ્ય એ જ છે કે કર ચોરો પર નક્કર પગલાં લેવામાં આવે અને જે કરચોરીથી સરકારને નાણાંકીય ખાદ્ય ઊભી થાય છે તે ન થાય તેના માટેના જરૂરી પગલાંઓ લેવામાં આવે. જેના અનુસંધાને હાલ આવકવેરા વિભાગ હોય કે પછી સેન્ટ્રલ જીએસટી કે સ્ટેસ્ટ જીએસટી બન્ને દ્વારા હાલ દરોડા પાડવામાં આવી રહ્યા છે.

# બજેટ અન્વયે ખર્ચની સર્વગ્રાહી સમીક્ષા

## વિભાગોને હજુ વધુ સંગીન આયોજન દ્વારા નિયત પ્રક્રિયા સમયસર પૂર્ણ કરવા મુખ્યમંત્રીનું સૂચન

રાજકોટ, તા. ૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૫-૨૬ના આ વર્ષના બજેટ અન્વયે રાજ્ય સરકારના બધા વિભાગોએ નવેમ્બર ૨૦૨૫ સુધીમાં કરેલા ખર્ચની સમીક્ષા ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજીને કરી હતી. મુખ્યમંત્રીએ આ સમીક્ષા દરમિયાન વિભાગોએ તા.૩૦ નવેમ્બર ૨૦૨૫ સુધીમાં બજેટ અંતર્ગત કરેલા ખર્ચનો તુલનાત્મક રીવ્યુ કરતાં પાછલા વર્ષની સરખામણીએ આ વર્ષની બજેટ જોગવાઈ સામેના ખર્ચમાં થયેલા વધારાથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

એટલું જ નહીં, તેમણે તમામ વિભાગોને તેમનું આયોજન વધુ સંગીન કરીને નિયત પ્રક્રિયા સમયસર પૂર્ણ થાય તથા આગામી વર્ષના પહેલા ત્રિમાસિક ગાળામાં ખર્ચમાં વધુ સુધારો થાય તે માટેના પણ દિશા નિર્દેશો આપ્યા હતા. નાણામંત્રી કનુભાઈ દેસાઈ, વાહન-વ્યવહાર અને વન-પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવીણભાઈ માળી તેમજ મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયા, મુખ્ય સચિવ એમ. કે. દાસ, મુખ્યમંત્રના સલાહકાર એસ.એસ. રાઠૌર અને તમામ વિભાગોના અધિક મુખ્ય સચિવઓ, અગ્ર સચિવઓ અને સચિવઓ આ બેઠકમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બજેટ ફાળવણી સામે રાજ્ય સરકારના વિભાગો દ્વારા થયેલા ખર્ચની સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન આપવાના શરૂ કરેલા ઉપક્રમમાં યોજાયેલી આ અગાઉની બેઠકમાં થયેલા સૂચનો સંદર્ભે ખર્ચની ગુણવત્તા સુધારવા વિભાગોએ લીધેલા પગલાંઓની સર્વગ્રાહી સમીક્ષા પણ હાથ ધરી હતી. તેમણે



ખાસ કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે સિસ્ટમેટિક ટેસ્ટીંગ અને ક્વોલિટી મોનિટરિંગ કરવાનું સૂચન કરતાં એવા દિશા નિર્દેશો આપ્યા કે, જો આવા પ્રોજેક્ટ્સમાં કોઈપણ વિસંગતતાઓ ધ્યાનમાં આવે તો તેના ઉપર કડક પગલાં પણ લેવામાં આવે.

શહેરી વિકાસ વિભાગ દ્વારા જે રીતે ક્વોલિટી સેલ ઉભું કરવામાં આવ્યું છે તે મુજબ અન્ય વિભાગો પણ ગુણવત્તા સુનિશ્ચિત કરવા પગલા ભરે એમ પણ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીએ વ્યક્તિગત લાભાર્થીઓને સહાય પુરી પાડતી તમામ યોજનાઓ સમયસર અમલમાં મુકવી જોઈએ તે બાબત પર ભાર મુકતા કહ્યું કે, શિષ્યવૃત્તિ અને અન્ય સહાય, વૃદ્ધાવસ્થા પેન્શન અને વિધવા સહાય પેન્શન ખરેખર મળવા પાત્ર હોય તેવા સાચા લાભાર્થીઓને સમયસર મળે.

સંબંધિત વિભાગો આવી યોજનાઓનું સુચારુ અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે પોતાની પાસેના ઉપલબ્ધ ડેટાઓનો ઉપયોગ કરે તેવી હિમાયત મુખ્યમંત્રીએ કરતાં સૂચના આપી કે, કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની જોગવાઈઓ સામે સમયસર ખર્ચ કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું અને એ પછીની આનુષંગિક કામગીરી પુરી કરીને ભારત સરકાર તરફથી મહત્તમ ભંડોળ મેળવવાનું જરૂરી ફોલોઅપ કરવું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખરેખર લાભાર્થી સુધી લાભ પહોંચે તે પ્રમાણે કામગીરી કરવા અને જે પ્રોજેક્ટ્સ પ્લાનીંગ સ્ટેજ પર હોય તેને ઝડપથી પુર્ણ કરીને ખરા અર્થમાં અમલવારી સુનિશ્ચિત કરવાની પણ સુચનાઓ સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવઓને આપી હતી. નાણાં વિભાગના અગ્ર સચિવએ આ સમીક્ષા બેઠકમાં ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરતાં નાણાં વિભાગ સહિત બધા જ વિભાગો ગુણવત્તા યુક્ત અને સમયસર ખર્ચ સુનિશ્ચિત કરવા માટેના સઘન પ્રયત્નો કરશે તેવી ખાતરી આપી હતી.

# નવાગામ આણંદપર પાસેથી વિદેશી દારૂ સાથે બે ઝડપાયા

## PCBએ લક્ષ્મીનગર અને દેવપરાના શખ્સોને અડધા લાખના મુદ્દામાલ સાથે પકડયા



રાજકોટ, તા. ૧૮

શહેરના નવાગામ આણંદપર વિસ્તારમાં સોમનાથ એપાર્ટમેન્ટ પાસેથી પી.સી.બી.એ બાતમીના આધારે દરોડો પાડી વિદેશી દારૂના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા શહેરમાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ નાબૂદ કરવાની સૂચના હેઠળ આ કામગીરી કરવામાં આવી છે.

વિગતો જોઇએ તો પી.સી.બી.ના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હતી. આ દરમિયાન પોલીસ હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા અને વિજયભાઈ મેતાને મળેલી સંયુક્ત હકીકતના આધારે સોમનાથ એપાર્ટમેન્ટ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. તપાસ દરમિયાન ત્યાંથી ગેરકાયદેસર દારૂનો જથ્થો મળી આવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે પોલીસે સ્થળ પરથી ઓલ્ડ મોન્ક રમની ૧૮૦ ળહની કુલ ૧૭૦ બોટલ જપ્ત કરી છે. પકડાયેલા દારૂના આ જથ્થાની અંદાજિત કિંમત રૂા. ૫૩,૦૪૦ જેવી થવા જાય છે. પોલીસે આ તમામ મુદ્દામાલ કબજે કરી આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

આ દરોડા દરમિયાન બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં કરણસિંહ ભીમાભાઇ મક્કા (ઉ.વ. ૨૮): રહે. લક્ષ્મીનગર શેરી નં. ૫, ભક્તિનગર રેલ્વે સ્ટેશન પાસે અનેચેતનભાઇ ઉર્ફે દુડી રાજુભાઇ સોલંકી (ઉ.વ. ૩૫): રહે. દેવપરા ચોક, સીંદુરીયા ખાણ, પટેલ બેકરીની સામે, કોઠારીયા રોડનો સમાવેશ થાય છે.

આ કામગીરી પી.સી.બી. પોલીસ ઇન્સ્પેકટર એમ.આર.ગોંડલીયા, એમ.જે.હુણ, પોલીસ સબ ઇન્સ્પેકટર પી.બી.ત્રાજીયા એ.એસ.આઇ. સંતોષભાઇ મોરી, મયુરભાઇ પાલરીયા, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, પો.હેડ. કોન્સ. કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, રાહુલગીરી ગૌસ્વામી, પો. કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, હિરેન્દ્રસિંહ પરમાર સહિતે કરી હતી.

# ગ્રાહક ધિરાણ સહ.મંડળીનો માનદ મંત્રી ૨.૮૦ લાખની લાંચ લેતા ઝડપાયો

## સપ્લાય કરેલા માલના ૭.૫૨ લાખના બીલ મંજુર કરવા માંગી હતી લાંચ : ભુજ ACB બોર્ડર એકમના મદદનીશ નિયામક કે.એચ.ગોહિલની ટીમને સફળતા

રાજકોટ, તા.૧૮

નખત્રાણા તાલુકા પંચાયત પ્રાથમિક ગ્રાહક ધિરાણ સહકારી મંડળીને સપ્લાય કરેલા માલના ૭૫૨૧૩૨ના બીલ મંજુર કરવા સહકારી મંડળીના માનદ મંત્રી ઘનશ્યામ મનોહર પટેલને એસીબીએ ૨.૮૦ લાખની લાંચ લેતા રંગે હાથે ઝડપી પાડ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ નખત્રાણા તાલુકા પંચાયત પ્રાથમિક ગ્રાહક ધિરાણ સહકારી મંડળીને સપ્લાય કરેલા માલના બાકી નીકળતા બીલના પૈસા ૭૫૨૧૩૨ મંજુર કરવાની વાત દરમિયાન આ સહકારી મંડળીના માનદ મંત્રી, કારોબારી સભ્ય તેમજ નખત્રાણા પંથકની મથલ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક ઘનશ્યામ મનોહર પટેલે ૨.૮૦ લાખની માંગણી કરી હતી. પણ ફરિયાદી યુવાને આવા કરપ્ટેડ શિક્ષકની આંખો ખોલવા ભુજ એસીબીનો સંપર્ક સાધી પોતાની પાસે મંગાયેલી લાંચની સઘળી હકીકતથી પોલીસને વાકેફ કરી હતી.

દરમિયાન ભુજ બોર્ડર એકમના મદદનીશ નિયામક કે.એચ.ગોહિલે સુપરવિઝન



અધિકારી તરીકે માર્ગદર્શન આપી, અખિલ કચ્છ લોહાના મહાજન જલારામ ભોજનાલયના ગેટ પાસે જાહેર રોડ ઉપર ભુજ-કચ્છના સ્થળે લાંચનું છટકું ગોઠવ્યું હતું. ભુજ એસીબી પોલીસ સ્ટેશનના પીઆઈ એલ.એસ.ચૌધરીએ ટ્રેપિંગ અધિકારી તરીકેની ફરજ અદા કરીને, ફરિયાદી યુવાન પાસેથી હેતુલક્ષી વાત કરીને ૨.૮૦ લાખની લાંચ લેતા ઘનશ્યામને રંગે હાથી દબોચી લીધો હતો. માલ સપ્લાય એટલે કે હકના પૈસા મેળવવા લાંચિયા શિક્ષકે નાની રકમ નહિ પણ ૨.૮૦ લાખ ગજવામાં સેરવવા હીન પ્રયાસ કર્યો હતો પણ ભુજ બોર્ડર એકમના મદદનીશ નિયામક કે.એચ.ગોહિલની ટીમે લાંચના છટકાને સફળ બનાવીને અન્ય લાંચિયા નોકારીયાતોમાં સોંપો પાડી દીધો છે.

# ઘેલા સોમનાથ-સોમનાથની પદયાત્રા કરશે મંત્રી બાવળિયા

## ૨૦મીથી 'જનકલ્યાણ શિવવંદના પદયાત્રા' શરૂ : ૨૭મીએ સોમનાથ મહાદેવને ધ્વજારોહણ સાથે યાત્રાનું સમાપન

રાજકોટ, તા. ૧૮

સામાજિક સમરસતા, સાંપ્રદાયિક સમભાવ, નાગરિકોની સુખાકારી, દેશના સર્વાંગી વિકાસ તથા જનકલ્યાણની ભાવના સાથે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ૨૦મી ડિસેમ્બરથી ૨૭ ડિસેમ્બર સુધી ઘેલા સોમનાથથી સોમનાથ મહાદેવ સુધીની 'જનકલ્યાણ શિવવંદના પદયાત્રા'એ નીકળશે. આશરે ૨૨૯ કિ.મી. લાંબી આ પદયાત્રામાં મંત્રીશ્રી વિવિધ ગામોના નાગરિકો તથા છેવાડાના લોકો સાથે રૂબરૂ સંવાદ સાધશે અને સરકાર તેમની સાથે હોવાની પ્રતીતિ કરાવશે.

મળતી માહિતી મુજબ, કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની આગેવાનીમાં તા. ૨૦ ડિસેમ્બરને શનિવારના રોજ સવારે ૭:૩૦ વાગ્યે ભગવાન શિવનાં પ્રસિધ્ધ યાત્રાધામ જસદણ નજીકનાં ઘેલા સોમનાથથી શિવવંદના પદયાત્રાનો પ્રારંભ થશે. તા. ૨૭ ડિસેમ્બરના રોજ સવારે ભગવાન સોમનાથ મંદિરે ધ્વજારોહણ કરીને યાત્રાનું સમાપન થશે. આ યાત્રાનો ઉદેશ્ય સ્પષ્ટ કરતા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, યાત્રાનો હેતુ સામાજીક અને આધ્યાત્મિક વધુ છે, લોકોનું કલ્યાણ થાય, રાજય-દેશનો સાર્વત્રિક વિકાસ થાય, કેન્દ્ર



અને રાજય સરકારની યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચે, નાગરિકોની સુખાકારી વધે તેમજ સાંપ્રદાયિક સમભાવમાં વૃધ્ધિ થાય તે માટે પ્રાર્થના કરવા આ 'જન કલ્યાણ શિવવંદના પદયાત્રા' નીકળી રહી છે. યાત્રાનાં માર્ગમાં આવતા વિવિધ ધર્મસ્થાનકોએ પ્રાર્થના કરવામાં આવશે. લોકોનું સર્વ પ્રકારે મંગલ થાય તેવા ઉદેશ્યથી આ યાત્રા નીકળી રહી છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ પદયાત્રા દરમ્યાન માર્ગમાં આવતા ગામોમાં ખાટલા બેઠકો, ગ્રુપ મીટીંગોનું આયોજન થશે. જેમાં લોકોપયોગી માહિતીઓ આપવામાં આવશે. ઉપરાંત વ્યસનમુકિત, સાંપ્રદાયિક સમભાવ વગેરે બાબતે જનજાગૃતિના પ્રયાસો કરવામાં આવશે. આ માટે સાંસ્કૃતિક કાર્યક્રમો, લોકડાયરાઓ વગેરે પણ યોજવામાં આવશે. રાજકોટ, પોરબંદર અને જુનાગઢ એમ ત્રણ લોકસભા મત વિસ્તારોમાંથી પસાર થનારી 'જન કલ્યાણ શિવવંદના પદયાત્રા'માં સાધુ, સંતો, મહંતો, ધારાસભ્યો, જિલ્લા-તાલુકા પંચાયતનાં પદાધિકારીઓ, નગર સેવકો, ભાજપાના જિલ્લા પ્રમુખઓ, સરપંચો, મહાનગરપાલિકાનાં પદાધિકારીઓ સામેલ થવાના છે.

'જન કલ્યાણ શિવવંદના પદયાત્રા' માટે નાગરિકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. યાત્રામાં જોડાવા માટે મોટી સંખ્યામાં યાત્રિકોએ નોંધણી કરાવી છે. માર્ગમાં આવતાં ગામોમાંથી પણ અનેક ગ્રામજનો આ યાત્રામાં સામેલ થવાના છે, યાત્રાનાં સ્વાગત માટે ગામેગામ ઉત્સાહભેર તૈયારીઓ થઈ રહી છે.

### જનકલ્યાણ શિવવંદના પદયાત્રાનો રૂટ

તા. ૨૦ ડિસેમ્બરે વહેલી સવારે ઘેલા સોમનાથથી સવારે ૭:૦૦ વાગ્યે પૂજા-અર્ચના કરી ૭:૪૫ વાગ્યે પ્રસ્થાન કરશે. ત્યાંથી આ યાત્રા ગોડલાધાર, માધવીપુર, ગઢડીયા(જસ)થી જસદણ, આટકોટ થઈ ખારચીયા(જામ) રાત્રી રોકાણ કરશે. તા. ૨૧ ડિસેમ્બરના રોજ પદયાત્રા ખારચીયા (જામ)થી નીકળી મોટા દડવા, નાના માંડવા, રામોદ, ઘોઘાવદર થઈ ગોંડલ રાત્રી રોકાણ કરશે. તા. ૨૨મીએ આ પદયાત્રા ગોંડલથી જામવાડી, ચોરડી, ગોમતા પાટીયા, વિરપુર, પીઠડીયા થઈ જેતપુર રાત્રી રોકાણ કરશે. તા. ૨૩મીએ પદયાત્રા જેતપુરથી નીકળી જેતલસર, ચોકી, વડાલ થઈ જુનાગઢ શહેર પસાર કરી જૂનાગઢ રાત્રિ રોકાણ કરશે. તા. ૨૪મીએ આ પદયાત્રા જુનાગઢથી નીકળી વંથલી, કણજા, માણેકવાડા થઈ અગતરાય રાત્રિ રોકાણ કરશે. તા.૨૫મીએ આ પદયાત્રા કેશોદ, સોંદરડા, પાણીદ્રા થઈ ભંડુરી રાત્રિ રોકાણ કરશે. તા. ૨૬મીએ રોજ ભંડુરીથી નીકળી સુપાસી થઈ વેરાવળ થઈ ભગવાન શ્રી સોમનાથના ધામ સોમનાથ પહોંચશે. તા.૨૭મીએ સવારે શ્રી ઘેલા સોમનાથ મંદિરે ધ્વજારોહણ સાથે આ ૨૨૯ કિ.મી. પદયાત્રાનું સમાપન થશે.

# આજીડેમ વિસ્તારમાંથી તરૂણીનું અપહરણ

## રામાપીર ચોક પાસેથી વેપારી ગોગો રોલ સાથે પકડાયો : ત્રણ લાખનો કેમેરો ગીરવે મૂકી દીધો : HCG હોસ્પિટલમાં નોકરી કરતી યુવતી ગૂમ

રાજકોટ, તા.૧૮

આજીડેમ વિસ્તારમાંથી એક તરુણીનું અપહરણ થઈ ગયાની વાલીઓએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તરુણિના પિતાએ પોલીસમાં ફરિયાદ કરતા જણાવ્યું છે કે તેમની ૧૭ વર્ષ, ૧૦ મહિના અને ૨૪ દિવસની ઉંમરવાળી દીકરીને કોઈ અજાણ્યો શખ્સ ૧૭મી ડિસેમ્બરના રોજ બપોરના ૧-૦૦ વાગ્યાની આસપાસ લલચાવી, ફોસલાવી કાયદેસરના વાલી પણામાંથી અપહરણ કરી ગયો છે. તરુણીના અપહરણની ફરિયાદ નોંધાવ્યા બાદ પીએસઆઇ એચ.જે. સોલંકીએ તરુણીની અને અપહરણકારની શોધખોળ આદરી છે.

**ગોગો રોલ સાથે પકડાયો :** રામાપીર ચોકથી આગળ ન્યારા પેટ્રોલ પંપ પાસે આવેલી શક્તિ પાન નામની દુકાનમાં ગોગો સ્મોકિંગ કોણ વેચાતા હોવાની બાતમી પરથી ગાંધીગ્રામ પોલીસે દરોડો પાડી તપાસ કરતા ત્યાંથી સાત ગોગો સ્મોકિંગ રોલ મળી આવ્યા હતા. શક્તિ પાનના માલિક રાજુભાઈ નાજાભાઇ સોલંકીની ધરપકડ કરી તેમની સામે પોલીસે ગુનો નોંધી ગોગો રોલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ત્રણ લાખનો કેમેરો ચોર્યો :** શહેરના સેટેલાઈટ ચોક બ્રહ્માણી પાર્ક શેરી નંબર ૪ માં આવેલા ખોડલ સ્ટુડિયોમાં કામ કરતા એક શખ્સે પોતાને પૈસાની જરૂર પડતા ત્રણ લાખનો કેમેરો ચોરીને અમદાવાદ ગીરવે મૂકી દઈને પરત ના આપતા તેમની સામે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયો છે. પ્રાપ્ત વિગતો મુજબ શહેરના સેટેલાઈટ ચોક, બ્રહ્માણી પાર્ક શેરી નં.-૪ માં આવેલા ખોડલ સ્ટુડિયોમાં નોકરી કરતા અને વેલનાથપરા, શેરી નં.-૬, મોરબી રોડ ઉપર



રહેતા અશોક છોટુ રામાવત નામના યુવાને પોતાને પૈસાને જરૂર પડતા ગત તા. ૧૬.૧૧.૨૦૨૫થી ૧૯.૧૧.૨૦૨૫ દરમિયાન સ્ટુડિયોમાં પડેલો રૂપિયા ૩ લાખનો કેનોન કંપનીનો કેમેરો ચોરી જઈને અમદાવાદ ખાતે ગીરવે મૂકી દીધો હતો. આ અંગેની જાણ બાદ અશોક પાસે કેમેરો મંગાયો હતો. પરંતુ તે કેમેરો પાછો આપવામાં ગલ્લાતલ્લા કરવા લાગતા લાગતા તેમની સામે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઇ એસ.એન. શ્યોરાએ અશોકની શોધખોળ આદરી છે.

**યુવતી ગૂમ :** અયોધ્યા ચોક વિસ્તારમાં આવેલી એચસીજી હોસ્પિટલમાં નોકરી કરતી યુવતી રહસ્મય સંજોગોમાં ગુમ થયાની ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે. આ અંગે મળતી વિગતો મુજબ ધરમનગર આરએમસી ક્વાર્ટર, બ્લોક નંબર-૧૧, ક્વાર્ટર નંબર ૩૦૯ માં રહેતા જાગૃતિબેન શૈલેષભાઈ ચૌહાણએ ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પોતાની ૨૩ વર્ષની પુત્રી રિદ્ધિ તા. ૧૭ ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર એકલા ચાલ્યા જતા તેમની ચારે બાજુ શોધખોળ કરવામાં આવી હતી. છતાં રીદ્ધીનો કોઈ પતો નહીં લાગતા આ બારામાં ગાંધીગ્રામ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે. ગુમ થનાર યુવતી અયોધ્યા ચોકમાં આવેલી એચસીજી હોસ્પિટલમાં નોકરી કરે છે. તે કયા કારણોસર ઘરેથી ચાલી ગઈ છે તે અંગે પરિવારજનો પણ અજાણ છે.માતાને જાણ પરથી ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ વિરેન્દ્રસિંહ દશરથસિંહ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

## સ્થાનિક પ્રશાસન ઊંધા માથે

# વાઈબ્રન્ટ કોન્ફરન્સની તૈયારીઓ પૂરજોશમાં

## સંભવિત રોડ શો માટે ગ્રીનલેન્ડ ચોકડીથી મારવાડી યુનિવર્સિટી સુધી થયેલા દબાણો દૂર કરવા નોટિસ



રાજકોટ, તા. ૧૮

રાજકોટ વાઈબ્રન્ટ કોન્ફરન્સ અન્વયે હાલ તંત્ર દ્વારા કામગીરી શરૂ કરી દેવામાં આવી છે અને તમામ તૈયારીઓ પણ હાથ ધરાઈ છે મળતી માહિતી મુજબ વડાપ્રધાન રાજકોટ આવતા હોવાથી હાલ સ્થાનિક તંત્ર દ્વારા તમામ બાબતોનું ગંભીરતાપૂર્વક ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. હાલ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગ્રીનલેન્ડ ચોકડીથી મારવાડી યુનિવર્સિટી સુધી રોડ શો યોજાઈ તેવી સંભાવના હાલ વ્યક્ત થઇ રહી છે જેના માટે હાલ રસ્તામાં આવતા આવરણોને દૂર કરવા ની કામગીરી પણ તંત્ર દ્વારા હાથ ધરી છે.

રાજકોટમાં આગામી ૧૦ થી ૧૨ જાન્યુઆરીના રોજ મારવાડી યુનિવર્સિટી ખાતે રિ વાઈબ્રન્ટ ગુજરાત સમીટ યોજાવાની છે. આ કાર્યક્રમમાં સંભવિત વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજર રહેવાના છે. જેને લઈને હાલ સ્થાનિક તંત્ર દ્વારા જોરશોરથી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. વડાપ્રધાનના ૧૦ તારીખના રોજ ગ્રીનલેન્ડ ચોકડીથી લઈ મારવાડી યુનિવર્સિટી સુધી રોડ પર રોડ-શો યોજે તેવી શક્યતા છે. રોડ-શો યોજી વાઈબ્રન્ટ સમિટને ખુલ્લું મુકશે. વહીવટી તંત્ર દ્વારા શહેરની ૧૦ જેટલી ફાઈવસ્ટાર હોટલો પણ બુક કરી દેવામાં આવી છે.

મળતી માહિતી પ્રમાણે હાલ વડાપ્રધાનના કાર્યક્રમને લઈ સ્થાનિક તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગ્રીનલેન્ડ ચોકડીથી લઈ મારવાડી કોલેજ સુધી તમામ દબાણો હટાવવાની સૂચનાઓ આપી દેવામાં આવી છે. તેમજ ગ્રીનલેન્ડ ચોકડી થી મારવાડી યુનિવર્સિટી સુધી રોડ પણ બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. તમામ ડિવાઈડરો અને ફૂટપાથનું નવીનીકરણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે અન્ય દેશના કોઈ ટોચના મંત્રી પણ હાજર રહી શકે છે, તેમજ અન્ય દેશમાંથી મોટા ઉદ્યોગપતિઓ પણ હાજર રહી શકશે. ભારતના પણ કેટલાય મોટા ઉદ્યોગપતિઓ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે હાજર રહે તેવી શક્યતા જોવાઈ રહી છે. જેને લઇ સ્થાનિક તંત્ર દ્વારા હાલ તડામાર તૈયારીઓ છે તે પણ શરૂ કરી દેવામાં આવી છે. હાલ રાજકોટ શહેરની કઈ રીતે શકલ ફેરવી તે બાબતે હાલ તંત્ર વિચાર કરી રહ્યું છે અને તે દિશામાં પગલા લેવાનું શરૂ કર્યું છે. સ્થાનિક પ્રશાસન દ્વારા અત્યારે વિવિધ ટીમોનું ગઠન કરી યોગ્ય વ્યવસ્થા જળવાઈ રહે સાથોસાથ કાર્યક્રમમાં કોઈપણ પ્રકારની તકલીફ કે ક્ષતિ ઊભી ના થાય તે વાતની ગંભીરતા દાખવવામાં આવી રહી છે.

રાજકોટના ઘણા મુખ્ય માર્ગો હાલ ડામરથી મઢવામાં આવી રહ્યા છે. અગાઉ કમોસમી વરસાદ અને વર્ષાઋતુ દરમિયાન શહેરના જે રસ્તાઓ ખરાબ થયા હતા તેને યોગ્ય રીતે રીપેર કરવાનો સમય તંત્ર પાસે ન હતો પરંતુ વડાપ્રધાન અને રાજકોટમાં મેગા ઈવેન્ટ હોવાના કારણે રાત્રી દરમિયાન હાલ વિવિધ વિસ્તારો અને મુખ્ય માર્ગો જે ખરાબ થઈ ચૂક્યા છે તેને રિપેર કરવામાં આવી રહ્યા છે અને ડામર કામ પણ ચાલુ કરી દેવાયું છે. વાઈબ્રન્ટ ઈવેન્ટ ને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે આ તમામ કામગીરી પૂરજોશમાં દિવસ રાત ચાલી રહી છે.

# SIR મુદ્દે મતદારોના વાંધા, સૂચનો સાંભળશે તંત્ર

## મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં ૩.૩૫ લાખ મતદારોના નામ રદ્દ થશે તેમજ ૨.૨૫ લાખનું મેપીંગ બાકી ફટકારવામાં આવશે નોટિસ

રાજકોટ, તા. ૧૮

સ્પેશિયલ રિવિઝન ઈન્ટેન્સિવ એટલે કે મતદાર સુધારણા ની કામગીરી હાલ પૂર્ણતાના આરે છે ત્યારે આજે ડ્રાફ્ટ યાદી પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવશે. સામે જે લોકોના નામ રદ થવાના છે તેઓને કોઈ વાંધા સૂચનો હોય તો તેને આજથી સાંભળવામાં આવશે તેવું કલેકટર વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. મળતી માહિતી મુજબ રાજકોટ જિલ્લામાં ત્રણ લાખથી વધુ મતદારોના નામ રદ થવાના છે ત્યારે આ અંગે મતદારોને કોઈપણ પ્રકારના વાંધા હોય તો તેઓ આજથી કલેકટર તંત્રનો સંપર્ક કરી પોતાના વાંધા રજુ કરી શકશે જે બાદ સંકલનમાં યોગ્ય નિર્ણય લેવાશે.




રાજકોટ જિલ્લા સહિત રાજયમાં મતદારયાદીની સઘન સુધારણા ઝુંબેશ બાદ હવે આજે તા.૧૯ના મતદારયાદીનો મુસદ્રો પ્રસિદ્ધ કરી દેવામાં આવેલ છે. જે બાદ આજથી એક માસ સુધી જિલ્લાના તમામ મામલતદારો-પ્રાંત અધિકારીઓ ડે.કલેકટરો મતદારોના વાંધા સુચનો સાંભળી નિકાલ કરશે. રાજકોટ જિલ્લાના આઠ વિધાનસભા વિસ્તારોમાં ચલાવાયેલ મતદાર યાદી સુધારણા ઝુંબેશ બાદ મતદારયાદી માંથી ૩.૩૫ લાખ મતદારોના નામ રદ્દ થશે તેમજ ૨.૨૫ લાખ મતદારોનું મેપીંગ બાકી રહ્યું છે તેઓને નોટીસ ફટકારવામાં આવનાર છે.

આજથી કલેક્ટર તંત્ર વાંધા અરજી વાળા તમામ મતદારોને વ્યકિતગત રીતે બોલાવી તેમના પ્રશ્નો-વાંધા સુચનો સાંભળી નિકાલ કરાશે. તાજેતરમાં રાજકોટ જિલ્લાના પ્રભારી સચીવ રાહુલ ગુપ્તાએ જિલ્લા કલેકટર તેમજ ચૂંટણી અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ આયોજિત કરી મતદારયાદી, સુધારણા અને મતદાર યાદીનો મુસદો પ્રસિદ્ધ કરવાના મામલે ચર્ચા કરી હતી.

અહીં એ ઉલ્લેખનીય છે કે, મતદારયાદીની સુધારણા કામગીરી દરમિયાન જિલ્લાના ૨૩૯૧૦૨૯ મતદારો પૈકીના ૧૦૦૬૦૪૬ મતદારોનું વંશાવલી મેપીંગ થયું છે. જયારે ૨.૨૫ લાખ મતદારોના કોઈ આધાર પુરાવા મળેલ ન હતા. આ ઉપરાંત મતદાર યાદીમાં ૮૯૫૫૩ દિવગંત થયેલા મતદારોના નામો નિકળ્યા હતાં.જે તે રદ્દ કરાશે રાજકોટ જિલ્લાની મતદારયાદીમાં કુલ ૩.૩૫ લાખ મતદારોના નામ રદ્દ થયે જો કે આજે મતદાર યાદીનો પ્રસિદ્ધ કરી દેવાઈ છે. પરંતુ સામે અનેકવિધ પ્રશ્નો ભૂતકાળમાં પણ ઊભા થયા હતા. જેમાં છેવાડા ના વિસ્તારોમાં બુથ લેવલ અધિકારીઓ પહોંચ્યા જ નથી અને કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે તેમાં આક્ષેપો પણ થયા પરંતુ સત્ય હકીકત શું છે તે અંગે હજી સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી. પરંતુ હાલ મતદા સુધારણા કામગીરીમાં તંત્ર દ્વારા આજથી જે વાંધા સૂચનો સાંભળવામાં આવશે તે બાદ સાચો આંકડો પ્રસિદ્ધ થશે. સામે હજુ સુધી જે પણ મતદાર હોય મેપિંગ ન કરાવી હોય તેઓને પણ રેવન્યુ વિભાગ એટલે કે કલેક્ટર તંત્ર દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે.

# કુવાડવા રોડ સિક્સલેન બ્રિજનું કામ શરૂ

## અનેકવિધ કારણોસર કામગીરી થતી ન હતી, લોકોને હેરાનગતિ માંથી મળશે મુક્તિ

રાજકોટ, તા. ૧૮

વડાપ્રધાનની રાજકોટ આવવાની વાત થતા જ હાલ જે અટકેલા કામો છે તેને ઝડપભેર ફરી શરૂ કરી દેવામાં આવ્યા છે કુવાડવા રોડ ઉપર છેલ્લા ઘણા સમયથી જે બ્રિજનું કાર્ય બંધ હતું તેને ફરી શરૂ કરી દેવામાં આવ્યું છે ત્યારે રાજકોટ અમદાવાદ વચ્ચે સીક્સ હાઈવે ના અનેકવિધ કાર્યો હાથ ધરાવી રહ્યા છે પરંતુ કુવાડવા રોડનું કામ છેલ્લા ઘણા સમયથી બંધ હતું અને રાજકીય મુદ્દાઓને લઈ વાહન ચાલકોને ઘણી હેરાનગતિ ભોગવી પડતી હતી ત્યારે ફરી વખત આ બ્રિજનું કાર્ય શરૂ થઈ ચૂક્યું છે.



રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના વાહનચાલકો માટે હાશકારો થાય તેવા સમાચાર આવ્યા છે. રાજકોટ-અમદાવાદ સિક્સલેન હાઇ-વેના કામમાં લાબા સમયથી બંધ પડેલ કુવાડવાના લાંબા ઓવરબ્રિજનું કામ ફરી ધમધમતું થયું છે. કોન્ટ્રાકટર કામ છોડીને ભાગી જતા લાંબા સમયથી કુવાડવા ગામ પાસેના ઓવરબ્રીજનું કામ અધુરૂ લટકી પડયું હતું અને રાજકીય આટાપાટાના કારણે ઓવર બ્રિજના હાડપીંજર રોડ વચ્ચે ઉભા હોવાથી વાહનચાલકો છેલ્લા પાંચ વર્ષથી ભારે હાડમારી વેઠી રહ્યા છે.

ટ્રાફિકજામની સમસ્યા અત્યંત વિકરાળ થઈ ચૂકી હતી બીજી તરફ હિરાસર એરપોર્ટ જતા વાહન ચાલકોને પણ ઘણો સમય વ્યર્થ થતો હતો પરંતુ હાલ આ બ્રિજનું કામ શરૂ થઈ જતા વાહન ચાલકોને ખૂબ જ જલ્દી હેરાનગતિ માંથી મુક્તિ મળશે તેવું જણાઈ રહ્યું છે. અચાનક કુવાડવા ઓવરબ્રીજનું કામ ઝડપભેર શરૂ થતા હવે સૌરાષ્ટ્રભરના અમદાવાદ કે અન્ય શહેરોમાં જતા વાહનચાલકોને આ યાતનામાંથી છુટકારો મળે તેવી આશા જાગી છે. અગાઉ પણ કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ હાલ જબ્રીજો ના કામ ચાલુ છે તેને ઝડપભેર પૂર્ણ કરવા માટેની તાકીદ કરી હતી પરંતુ ક્યાંક ને ક્યાંક તંત્ર અને કોન્ટ્રાક્ટરો વચ્ચે તાલમેલ ન બેસતા ઘણા ખરા બ્રિજનું કામ ખૂબ ધીમી ગતિએ ચાલી રહ્યું છે તેમાં જેતપુર હાઈવે નું કામ પણ ખૂબ ધીમી ગતિએ ચાલતું હોવાની અનેક ફરિયાદો ઉઠી છે.

રાજકોટ અમદાવાદ સિક્સલેન હાઈવે નું કામ છે કુવાડવા રોડ પર ચાલી રહ્યું છે ત્યારે તે ફરી શરૂ થતા પસાર થતા મુસાફરો માટે આશીર્વાદરૂપ નિવાર છે કારણકે આશા છે કે આ બ્રિજનું કામ હવે ઝડપભેર પૂર્ણ કરવામાં આવે અને હવે કોઈ પણ પ્રકારનો વિઘ્ન આ બ્રિજ નિર્માણમાં ઉભો ન થાય.

# સ્ટેમ્પ ડ્યુટી ચોરીમાં ગેલેક્સી ગ્રુપને ૪ કરોડનો દંડ

## ૨૦૧૨ માં ખરીદાયેલી મિલકતનો મુદ્દો ઉછળતા યોગ્ય તપાસ બાદ લેવાયો નિર્ણય

રાજકોટ, તા. ૧૮

ટેક્સ ચોરીના કિસ્સાઓ વ્યાપક પ્રમાણમાં સામે આવી રહ્યા છે જેના પર અંકુશ લાદવા વહીવટી વિભાગની સાથોસાથ સેન્ટ્રલ એજન્સીઓ પણ કામે લાગી છે અને આ તમામ લોકો સમક્ષ કડક પગલાંઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે રેવન્યુ તંત્ર એટલે કે કલેક્ટર વિભાગ દ્વારા સ્ટેમ્પ ડ્યુટીમાં ચોરી કરતા હોય તેવા તમામને ઓળખી યોગ્ય તપાસ બાદ નોટિસ અને દંડ ફટકારવામાં આવી રહ્યો છે ત્યારે રાજકોટના ગેલેક્સી ગ્રુપની એક ભાગીદારી પેઢી દ્વારા ૨૦૧૨માં કરોડોની મિલકત ખરીદવામાં આવી હતી પરંતુ તેમાં ભાગીદારોએ સ્ટેમ્પ ડ્યુટી ચોરી કરી હોવાનું માલુમ ફરતા જ તંત્રમાં ભારે ખડભરાટ મચી ગયો હતો ત્યારે સ્ટેમ્પ ડ્યુટી નાયબ કલેક્ટર કચેરી દ્વારા યોગ્ય તપાસ કરી ૪.૪૬ કરોડનો દંડ અને ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી ભરવાનો હુકમ કર્યો છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ ગેલેક્સી ગ્રુપના ભાગીદારો આ નિર્ણયથી સંતુષ્ટ ન હોવાના કારણે તેઓ અપીલમાં પણ જાય તેવું જાણવા મળ્યું છે.




રાજકોટના જાણીતા ગેલેક્સી ગ્રુપની એક ભાગીદારી પેઢી દ્વારા વર્ષ ૨૦૧૨માં કરવામાં આવેલી કરોડોની મિલકતની ખરીદીમાં સ્ટેમ્પ ડ્યુટીની ચોરી ઝડપાતા વહીવટી તંત્રમાં ભારે ચકચાર મચી ગઈ છે. રાજકોટ સિટી સ્ટેમ્પ ડ્યુટી નાયબ કલેક્ટર કચેરી દ્વારા આ મામલે કડક વલણ અપનાવી કુલ ૪.૪૬ કરોડનો દંડ અને ખૂટતી ડ્યુટી ભરવા હુકમ કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મેસર્સ 'ખેડૂત' નામની ભાગીદારી પેઢીમાં રાજેશભાઈ ગોવિંદભાઈ પટેલ, કિરણભાઈ વાલજીભાઈ ભાલોડીયા, રશ્મીકાંત વાલજીભાઈ ભાલોડીયા સહિતના ભાગીદારોએ વર્ષ ૨૦૧૨માં એક મિલકત ખરીદી હતી. ૧૫.૩૦ કરોડ નક્કી કરવામાં આવી હતી. પેઢીએ માત્ર રૂા. ૭૫ લાખની ડ્યુટી ભરી હતી.નિયમ મુજબ ૧.૫૩ કરોડની સ્ટેમ્પ ડ્યુટી ભરવાની થતી હતી.જો ભાગીદારો આ હુકમથી સંતુષ્ટ ન હોય, તો તેઓ સ્ટેમ્પ ડ્યુટી અધિનિયમની કલમ ૫૩(૧) મુજબ ખૂટતી ડ્યુટીના ૨૫ ટકા રકમ જમા કરાવીને ૯૦ દિવસની અંદર ઉપલી કચેરીમાં અપીલ કરી શકશે.

# ST બસમાં મોબાઈલ રાખવો પડશે સાઈલેન્ટ

## માર્ગ પરિવહન વિભાગનો નિર્ણય : તમામ વિભાગીય નિયામકોને પાઠવ્યો પત્ર

રાજકોટ, તા. ૧૮

રાજ્ય સરકાર દ્વારા લોકોને યોગ્ય માળખાગત સુવિધાઓ આપવા માટે દરેક પ્રયત્નો અને પગલાંઓ લેવામાં આવતા હોય છે ત્યારે લોકો પણ પોતાની જવાબદારી સમજે તે એટલું જ જરૂરી છે હાલ એસટી બસમાં મુસાફરી કરતા સમયે લોકો મોબાઇલ ફોનમાં મોટા અવાજે વાત કરતા હોવાની અનેકવિધ ફરિયાદો છેલ્લા ઘણા સમયથી જોવા મળી છે ત્યારે તેના પર અંકુશ લાદવા માટે હાલ રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં એસટી બસમાં મુસાફરોએ મોબાઈલ સાઈલેન્ટ મોડ ઉપર રાખવો પડશે હાલ તમામ વિભાગીય નિયામકોને આ પરિપત્ર પાઠવીને જાણ કરવામાં આવી છે. પરંતુ હકીકત એ છે કે શું આ કામ શક્ય છે ખરું શું મુસાફરો પોતાના મોબાઈલ બસમાં સાઈલેન્ટ રાખશે કે કેમ ?



પત્રમાં જણાવાયું છે કે નિગમ દ્વારા રાજ્યની પ્રજાને સામાજિક સેવાના ભાગરૂપે દૈનિક ૩૭૦૦૦ થી વધુ ટ્રીપો સંચાલિત કરી ૨૭.૦૦ લાખ મુસાફરોને લાંબા અને ટૂંકા અંતરની પરિવહન સેવાનો લાભ નિગમની વિવિધ પ્રકારની બસ સર્વિસો થકી મુસાફરલક્ષી અભિગમ દાખવી આપવામાં આવી રહેલ છે. આમ નિગમ મુસાફરોને પોતાના ગંતવ્ય સ્થાને પહોંચાડવા શાંત, સ્વચ્છ, સલામત અને સમયબદ્ધ પરિવહન સેવા પૂરી પાડવા કટિબદ્ધ છે. નિગમની બસોમાં લાંબા અંતરની મુસાફરી દરમિયાન કેટલાક મુસાફરો દ્વારા ઉંચા અવાજે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાથી બસોમાં અન્ય મુસાફરી કરતા મુસાફરોને અડચણ અને ખલેલ પહોંચે છે.

જેથી બસોમાં મુસાફરો વચ્ચે ઝઘડા કે મતભેદ થવાની શક્યતા રહે છે. આ સંજોગોમાં મુસાફરો માટે શાંતિપૂર્ણ મુસાફરીના વાતાવરણને જાળવી રાખવા માટે આપના વિભાગ ખાતેથી સંચાલન થતી બસ સર્વિસોમાં ફરજ બજાવતા કંડકટર મારફત બસમાં હાજર મુસાફરોને સૂચનાઓથી અવગત કરવા આપની કક્ષાએથી તાબા હેઠળના ડેપો મેનેજરશ્રીઓને જાણ કરવા જણાવવામાં આવે છે. વધુમાં આ સૂચનાઓનું પાલન થાય તે માટે જરૂરી ઘટતી કાર્યવાહી કરવા જણાવવામાં આવે જેમાં મોબાઇલ ફોન ઉપયોગ દરમિયાન કૃપા કરીને હેડફોન વાપરવામાં અને તમારા ફોનને સાઇલન્ટ મોડ પર રાખવા જણાવાયું છે.

સરકાર દ્વારા પરિપત્ર તો કરી દેવામાં આવ્યો છે પરંતુ જોવાનું એ છે કે આ પરિપત્રનું માન કેટલા મુસાફરો રાખે છે અને તેની અમલવારી થાય છે કે કેમ ? જરૂરી ફોન આવે તો મુસાફરો એ શું કરવું તે અંગે કોઈ સ્પષ્ટતા નથી પરંતુ મોટા અવાજે મુસાફરો વાત ન કરે તે વાતને ધ્યાને લઈ હાલ મોબાઈલ ફોન સાઈલેન્ટ મોડ ઉપર રાખવાનો જે નિર્ણય લેવામાં આવ્યો છે તેનાથી કેટલા લોકો પ્રભાવિત થશે અને સુવા નિર્ણય ઉપયોગી નિવર્ષ છે કે કેમ તે અંગે હજી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. ટ્રાફિકના પણ નિયમો ખૂબ કડક છે છતાં પણ તેની અમલવારી થતી નથી ત્યારે આ પ્રકારના નિર્ણય કેટલા ઉપયોગી નિવડશે તે હવે જોવાનું રહ્યું.

## ૮ વેપારીઓ પાસેથી તપાસ અર્થે ૧૦ નમુના લેવાયાઃ લાઈસન્સ મેળવવા ત્રણ વિક્રેતાઓને તાકીદ

# ચીકીના વેપારીઓ પર આરોગ્ય તંત્ર ત્રાટક્યું

રાજકોટ, તા. ૧૮

છેલ્લા ઘણા દિવસથી આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ વિસ્તારોમાં ખોરાકનું વેચાણ કરતા વેપારીઓ પર તપાસ હાથ ધરવામાં આવી રહી છે જેથી લોકોના સ્વાસ્થ્યને કોઈ પણ પ્રકારની હાનિ ન પહોંચે. ત્યારે હાલ શિયાળાની ઋતુ ને ધ્યાને લઈ રાજકોટના વિવિધ વિસ્તારોમાં ચીકીનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે ત્યારે તેમાં કોઈપણ પ્રકારની મિલાવટ કે સ્વાસ્થ્ય સંબંધિત પ્રશ્ન ઊભા ન થાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ સ્થળો પર વેચાણ કરતા વેપારીઓને ત્યાં તપાસ હાથ ધરવામાં આવી હતી અને નમૂના પણ લેવામાં આવ્યા હતા.



શિયાળા ઋતુ તથા મકરસંક્રાંતિ તહેવારો અનુલક્ષીને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટના પારેવડી ચોક, કેશરી હિન્દ પુલ પર આવેલ વિસ્તારોમાં ચીકીનું ઉત્પાદન તથા વેચાણ કરતી પેઢીનું ચેકિંગ નીચે મુજબની વિગતે ચેકિંગ કરવામાં આવેલ હતી. જેમાં વપરાશમાં લેવાતા તલ, ગોળ, શીંગદાણા, ટોપરું વગેરેના સ્ટોરેજ પેકિંગ તેમજ પેઢીના ઉત્પાદન સ્થળ પર હાઈજેનિક કન્ડિશન તપાસવામાં આવેલ. જેમાં ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૮ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. તેમજ ૦૩ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ હતી.

ફૂડ વિભાગ દ્વારા મોમાઈ ચીકી, અનંત લાઈવ ચીકી, જય સિયારામ ચીકીને લાઇસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ. તથા શિવ ચીકી , જય બજરંગ લાઈવ ચીકી , જય જલારામ ચીકી , પાર્થ ચીકી, જય બજરંગ લાઈવ ચીકીની ચકાસણી કરવામાં આવેલ હતી.શિયાળા ઋતુ તથા મકરસંક્રાંતિ તહેવારો અનુલક્ષીને સ્પેશલ ડ્રાઈવ અંતર્ગત કુલ ૧૦ નમૂના લેવામાં આવ્યા હતા.

# ‘બાર’ બારોબાર!

## ચૂંટણી રસપ્રદ, હાઈકોર્ટ બેચનું શું થયું?




‘બાર’ શબ્દ વિશેષ છે. આ શબ્દનો એક અર્થ સન્માનીય છે અને એક અર્થ વગોવાયેલો છે. ગુજરાતમાં પ્રતિબંધિત છે, પરંતુ દારૂના સત્તાવાર અડ્ડાને ‘બાર’ કહેવામાં આવે છે. શિષ્ટ સમાજમાં આ પ્રકારના ‘બાર’ને માન આપવામાં નથી આવતું. ‘બાર’નો બીજો અર્થ કાયદાકીય ભાષામાં તમામ લાયસન્સ ધરાવતા વકીલોના સમૂહને ‘બાર’ કહેવામાં આવે છે.

બાર એસોશીએશન તાકતવર સંગઠન છે, જેનો મુખ્ય ઉદ્દેશ વકીલોનું હિત અને અસીલોનો વિશ્વાસ અને ન્યાય પ્રણાલીનું સંકલન છે. ન્યાયતંત્ર વિરાટ અને મહત્વનું ક્ષેત્ર છે, જેનો જાગીરમાં સમાવેશ થાય છે.

આ સમગ્ર પ્રણાલીમાં બાર એસો.ની ભૂમિકા મહત્વની રહે છે. આ કારણે એસો. પર પ્રભાવ સ્થાપિત કરવા સ્પર્ધાત્મક માહોલ સર્જાય છે. રાજકોટ બાર એસો.ની ચૂંટણી આવી રહી છે. બાર એસો. સમાજનું મહત્વનું પાસુ છે, પરંતુ એટલું બધું મહત્વનું નથી કે મીડિયા તેને પ્રાધાન્ય આપે. એક સંગઠનની ચૂંટણી સામાન્ય પ્રક્રિયા ગણાય.

જો કે, બાર એસો.ની ચૂંટણી ધારાસભા-લોકસભાની ચૂંટણીની જેમ અત્યંત રોમાંચક બની જાય છે. હાલ રાજકોટમાં બાર એસો.ની ચૂંટણીનો ગરમાવો પરાકાષ્ઠાએ છે. વકીલોની પેનલો પૂરી તાકાતથી મેદાનમાં છે. આશ્ચર્ય એ છે કે, આ ચૂંટણીમાં પણ રાજકીય વિચારધારા, જ્ઞાતિવાદ, આક્ષેપબાજી, તેજીલો પ્રચાર, ભાંગતોડના પ્રયાસ વગેરે પણ ચાલી રહ્યા છે. બન્ને પેનલે પોતાના એજન્ડા જાહેર કર્યા છે.

ચૂંટણીનો રોમાંચક માહોલ જામ્યો છે. અમુક ચૂંટણીની મોજ માણી રહ્યા છે અને અમુક જીતવા માટે જીવ પર આવી ગયા છે. શિયાળે ગરમાવાનો અહેસાસ થાય છે.

ન્યાય પ્રણાલીએ ખૂબ વિકાસ કર્યો છે. ટેક્નોલોજીનો પ્રયોગ પણ થવા લાગ્યો છે, પણ એક બાબતની સતત ફરિયાદ રહે છે કે, ન્યાય મેળવવો અતિ કઠીન અને ખર્ચાળ બની ગયો. આ ક્ષેત્રે વિશ્વાસનો આંક પણ ગગડી રહ્યો છે. આ દિશામાં માત્ર રાજકોટ જ નહિ, સમગ્ર ભારતે આ અંગે ગંભીર ચિંતન કરવું જરૂરી છે.

રાજકોટ બાર સામે મુખ્ય પડકાર હાઈકોર્ટ બેચનો છે. આ મુદ્દો દાયકાઓથી ટલ્લે ચઢેલો છે. આ અંગે વારંવાર ગતિવિધિ થાય છે, પણ હકીકત એ છે કે, દરેકના પન્ના ટૂંકા પડે છે. રાજકોટના સાવજોનું ઉપર કંઇ ઉપજતું નથી. સ્પષ્ટપણે રાજકોટ સામે અન્યાયી વલણ છે, પણ કોઈ જીવ પર આવીને હાઈકોર્ટ બેચ મુદ્દે લડવા તૈયાર નથી.

બાર એસો.ની ચૂંટણી રંગેચંગે સમાપ્ત થાય અને જીત મેળવનારા આ વખતે હાઈકોર્ટ બેચ જેવા મુદ્દા ઉકેલે તેવી શુભેચ્છા.

"પ્રેમભકિતના હસ્તાક્ષરે"
થોડું જોયા કરજો,
થોડું જતું કરજો,
ને થોડું જાતે કરજો.
જીંદગી જીવવા જેવી લાગશે.
કોઈનાં ગયાં પછી,
"MISS YOU"
લખવા કરતા,
જીવતાં હોય ત્યાં સુધી
"WITH YOU"
લખો ને એ વધારે સારું
શાસ્ત્રી ભકિતપ્રકાશ દાસજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જીલ્લા
પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ભારતીયો વિવિધતાનો કરે આદર

## ઓમાનમાં ભારતીય સમુદાય અને વિદ્યાર્થીઓને સંબોધતા વડાપ્રધાન મોદી



નવીદિલ્હી, તા. ૧૮

ઓમાનમાં ભારતીય સમુદાય અને વિદ્યાર્થીઓને સંબોધતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતીયો જ્યાં પણ જાય છે ત્યાં વિવિધતાનો આદર કરે છે. ભારતમાં, આપણી વિવિધતા આપણી સંસ્કૃતિનો મજબૂત પાયો છે. તેમણે એમ પણ કહ્યું, ‘‘હું મારી સામે એક નાનું ભારત જોઉં છું.‘‘ અગાઉ, પીએમ મોદી બુધવારે ઓમાન પહોંચ્યા, જે તેમના ત્રણ દેશોના પ્રવાસના ત્રીજા અને અંતિમ તબક્કામાં હતું. ૭૦૦ થી વધુ ભારતીય શાળાઓના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. ઓમાનમાં ભારતીય શાળાઓની સ્થાપનાની ૫૦મી વર્ષગાંઠ ઉજવવામાં આવી હતી, અને પીએમ મોદીએ આ સિદ્ધિ પર ભારતીય સમુદાયને અભિનંદન આપ્યા હતા. તેમના સંબોધન પહેલાં, પીએમ મોદીએ ભારતીય સમુદાય અને વિદ્યાર્થીઓને ‘‘ભારત માતા કી જય‘‘ અને ‘‘વંદે માતરમ‘‘ ના નારા લગાવ્યા હતા. ત્યારબાદ તેમણે ‘‘મોદી, મોદી‘‘ ના નારા વચ્ચે પોતાનું ભાષણ શરૂ કર્યું.

દેશની પ્રગતિનો ઉલ્લેખ કરતા, પીએમ મોદીએ કહ્યું, ‘‘ઓમાનમાં રહેતા ભારતીયો વારંવાર ભારતની મુલાકાત લે છે. તમે ભારતના દરેક વિકાસ વિશે અપડેટ રહો છો. તમે બધા જુઓ છો કે ભારત આજે કેવી રીતે નવી ગતિએ પ્રગતિ કરી રહ્યું છે.‘‘ દેશના વિકાસની ગતિ આપણા ઈરાદાઓમાં પ્રતિબિંબિત થાય છે, અને તે આપણા પ્રદર્શનમાં પણ પ્રતિબિંબિત થાય છે. તેમણે વધુમાં કહ્યું, ‘‘થોડા દિવસો પહેલા, આર્થિક વિકાસના આંકડા જાહેર કરવામાં આવ્યા હતા, અને તમે જાણતા હશો કે ભારતનો વિકાસ દર ૮% થી વધુ રહ્યો છે, જેનો અર્થ એ છે કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બની રહી છે, અને આ એવા સમયે થયું છે જ્યારે સમગ્ર વિશ્વ પડકારોનો સામનો કરી રહ્યું છે.‘‘

મસ્કતમાં ભારતીય ડાયસ્પોરાને સંબોધતા, પીએમ મોદીએ કહ્યું, ‘‘તમે બધા ’પરીક્ષા પે ચર્ચા’ કાર્યક્રમથી પરિચિત છો. ઓમાનના ઘણા બાળકો પણ આ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે. મને ખાતરી છે કે આ ચર્ચાઓ તમારા માટે ઉપયોગી થશે. માતાપિતા હોય કે વિદ્યાર્થીઓ, અમારી ચર્ચાઓ દરેકને તણાવમુક્ત રીતે પરીક્ષા આપવામાં મદદ કરે છે.‘‘ તેમણે વધુમાં કહ્યું, ‘‘ભારત અને ઓમાન વચ્ચેનો સંબંધ, જે વેપારથી શરૂ થયો હતો, તે હવે શિક્ષણ દ્વારા મજબૂત બન્યો છે. મને કહેવામાં આવ્યું છે કે અહીં ભારતીય શાળાઓમાં ૪૬,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, જેમાં ઓમાનમાં રહેતા અન્ય સમુદાયોના હજારો બાળકોનો પણ સમાવેશ થાય છે. ઓમાન પણ ભારતીય શિક્ષણના ૫૦ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. આ આપણા બંને દેશો વચ્ચેના સંબંધોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.‘‘

બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધોનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું, આજે આપણે એક પરિવારની જેમ ભેગા થયા છીએ. આજે આપણે આપણા દેશ, આપણી ટીમ ઈન્ડિયાની ઉજવણી કરી રહ્યા છીએ. ભારતમાં આપણી વિવિધતા આપણી સંસ્કૃતિનો મજબૂત પાયો છે. તેમણે કહ્યું, આપણા માટે, દરેક દિવસ એક નવો રંગ લાવે છે, દરેક ઋતુ એક નવો ઉત્સવ બની જાય છે, દરેક પરંપરા એક નવો વિચાર લાવે છે, અને તેથી જ, આપણે ભારતીયો જ્યાં પણ જઈએ છીએ, જ્યાં પણ રહીએ છીએ, આપણે વિવિધતાનો આદર કરીએ છીએ. આપણે સંસ્કૃતિ અને તેના ધોરણો સાથે એકીકૃત થઈએ છીએ. હું આજે ઓમાનમાં મારી નજર સમક્ષ એ જ વસ્તુ બનતી જોઈ રહ્યો છું.

### લોકસભામાં ધ્વનિ મતથી બિલ પાસ : કૂવામાં કાગળો ફેંક્યા, શિવરાજ સિંહ ચૌહાણે વિગતવાર આપી પ્રતિક્રિયા

## VBG રામ જી બિલ લોકસભામાં પસાર: વિપક્ષે બિલના પાના ફાડ્યા



નવીદિલ્હી, તા. ૧૮

સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે. ગુરુવારે, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે લોકસભામાં ભારત ગેરંટી ફોર એમ્પ્લોયમેન્ટ એન્ડ લાઈવલીહૂડ મિશન (ગ્રામીણ) બિલ, જેને VBG રામ જી તરીકે પણ ઓળખવામાં આવે છે, તેના પર પ્રતિક્રિયા આપી. આ દરમિયાન, વિપક્ષે પણ ઉગ્ર દલીલ કરી અને સૂત્રોચ્ચાર કર્યા. વિપક્ષના સાંસદોએ બિલ ફાડીને સંસદના કૂવામાં ફેંકી દીધું. હોબાળા છતાં, VBG રામ જી બિલ લોકસભામાં પસાર થયું. ભારત ગેરંટી ફોર એમ્પ્લોયમેન્ટ એન્ડ લાઈવલીહૂડ મિશન (ગ્રામીણ) બિલ, જેને VBG રામ જી તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને લોકસભામાં ધ્વનિ મતથી પસાર કરવામાં આવ્યું. શિવરાજ સિંહ ચૌહાણે લોકસભામાં કહ્યું, ‘‘કોંગ્રેસે ક્યારેય ગાંધીજીનું સાંભળ્યું નથી. અમે ગાંધીજીનું સન્માન કરીએ છીએ. ગાંધીજીએ કહ્યું હતું કે એકવાર સ્વતંત્રતા પ્રાપ્ત થઈ ગયા પછી, કોંગ્રેસનું વિસર્જન કરવું જોઈએ.‘‘ તેમણે કહ્યું કે જે દિવસે કાશ્મીરને વિશેષ દરજ્જો આપવામાં આવ્યો, તે દિવસે બંધારણની હત્યા કરવામાં આવી હતી. મોદી સરકારે મનરેગામાં ઘણી ખામીઓ દૂર કરી છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું, ‘‘અમે કોઈની સાથે ભેદભાવ કરતા નથી. બાપુ અમારી પ્રેરણા અને આદર છે. આખો દેશ અમારા માટે એક છે.‘‘ આ ફક્ત જમીનનો ટુકડો નથી. અમારા વિચારો સંકુચિત અને મર્યાદિત નથી. શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે કોંગ્રેસના ચહેરા પર રામ છે અને તેના પક્ષમાં છરી છે. કોંગ્રેસે મનરેગાને સંપૂર્ણપણે ભ્રષ્ટાચારના હવાલે કરી દીધું છે. સંસદમાં વિરોધ પક્ષોના હોબાળા વચ્ચે, શિવરાજ સિંહ ચૌહાણે વિકાસિત ભારત જી-રામ જી બિલ પર વિગતવાર પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું કે કોંગ્રેસ સરકારનો જવાબ સાંભળવા માંગતી નથી. તેમણે કહ્યું કે મનરેગા ભંડોળનો દુરુપયોગ થયો છે. બીજી તરફ, અમારી સરકારે વિકાસ પ્રોજેક્ટ્સ પર પૈસા ખર્ચ્યા છે. તેમણે કહ્યું કે આ બિલ ખેડૂતો અને ગરીબોને લાભ આપશે. આમ છતાં, કોંગ્રેસ હજુ પણ વિરોધ કરી રહી છે. પ્રિયંકા ગાંધીને જવાબ આપતા શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે તેમના પરિવારને મહિમા આપવા માટે, તેમણે સરકારી યોજનાઓનું નામ મહાત્મા ગાંધીને બદલે નહેરુ પરિવારના નામ પર રાખ્યું છે. શિવરાજે કહ્યું કે યોજનાઓનું નામ નહેરુ પરિવારના નામ પર રાખવામાં આવ્યું છે. સંસદના શિયાળુ સત્ર દરમિયાન લોકસભામાં ભારત ગેરંટી ફોર એમ્પ્લોયમેન્ટ એન્ડ લાઈવલીહુડ મિશન (ગ્રામીણ) બિલ (VBG રામ જી) પસાર કરવામાં આવ્યું હતું. વિપક્ષના ભારે હોબાળા અને સૂત્રોચ્ચાર વચ્ચે કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે બિલ પર પ્રતિક્રિયા આપી.

# અંગ દાતાઓની સંખ્યા ભારતમાં ખૂબ ઓછી

### દેશમાં કિડની ટ્રાન્સપ્લાન્ટની રાહ જોઈ રહેલા દર્દીઓ ૬૦,૦૦૦ થી વધુ



નવીદિલ્હી, તા. ૧૮

ભારતમાં અંગ દાતાઓની સંખ્યા ખૂબ ઓછી છે, અને તેથી, આનો સતત પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ધીમે ધીમે પરંતુ ચોક્કસ, દેશમાં અંગ દાન વેગ પકડી રહ્યું છે. વધુમાં, એવું બહાર આવ્યું છે કે ભારત એવા થોડા દેશોમાંનો એક છે જ્યાં જીવિત અંગ દાન મૃત અંગ દાન કરતાં ઘણું વધારે છે. હાલમાં, અંગ દાનમાં મહિલાઓ પુરુષો કરતાં ઘણી વધારે છે. સરકાર જણાવે છે કે દેશમાં કિડની ટ્રાન્સપ્લાન્ટની રાહ જોઈ રહેલા દર્દીઓ ૬૦,૦૦૦ થી વધુ છે. છેલ્લા પાંચ વર્ષમાં અંગ પ્રત્યારોપણ (કિડની, લીવર, હૃદય, ફેફસાં, સ્વાદુપિંડ અને કોર્નિયા) માટે રાહ જોવાની યાદી અંગે રાજ્યસભામાં સત્તાવાર વિનંતીના જવાબમાં, સરકારે જણાવ્યું હતું કે દેશભરમાં ૬૦,૦૦૦ થી વધુ દર્દીઓ કિડની ટ્રાન્સપ્લાન્ટની રાહ જોઈ રહ્યા છે. વધુમાં, ૧૮,૦૦૦ થી વધુ દર્દીઓ લીવર ટ્રાન્સપ્લાન્ટની રાહ જોઈ રહ્યા છે. વધુમાં, ૧,૬૯૫ દર્દીઓ હૃદય પ્રત્યારોપણની રાહ જોઈ રહ્યા છે, ૯૭૦ ફેફસાં ટ્રાન્સપ્લાન્ટની રાહ જોઈ રહ્યા છે, અને ૩૦૬ સ્વાદુપિંડ ટ્રાન્સપ્લાન્ટની રાહ જોઈ રહ્યા છે. આમ, ૮૨,૨૮૫ દર્દીઓ અંગ પ્રત્યારોપણની રાહ જોઈ રહ્યા છે.

૮ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં, નેશનલ ઓર્ગન એન્ડ ટીશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન (ગઘઝઝઘ) ના નેશનલ રજિસ્ટ્રી પોર્ટલ પર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા ઓનલાઈન સબમિટ કરાયેલા અહેવાલોના આધારે કેન્દ્ર સરકારે રાહ જોવાની યાદીમાં દર્દીઓની સંખ્યા જાહેર કરી છે. જાહેર કરાયેલા ડેટા અનુસાર, મહારાષ્ટ્રમાં કિડની ટ્રાન્સપ્લાન્ટની રાહ જોતા દર્દીઓની સંખ્યા સૌથી વધુ (૬૦,૫૯૦) છે. અહીં ૧૩,૦૪૫ દર્દીઓ ટ્રાન્સપ્લાન્ટની રાહ જોઈ રહ્યા છે. આ પછી ગુજરાત (૭,૪૦૫), ચંદીગઢ (૬,૬૮૧), તમિલનાડુ (૬,૪૪૮) અને દિલ્હી (૫,૮૯૪) આવે છે.

એ જ રીતે, મહારાષ્ટ્રમાં લીવર ટ્રાન્સપ્લાન્ટની રાહ જોતા દર્દીઓની સંખ્યા સૌથી વધુ (૬,૯૨૪) છે, ત્યારબાદ દિલ્હી (૨,૮૩૫) આવે છે. તમિલનાડુમાં હૃદય ટ્રાન્સપ્લાન્ટની રાહ જોતા દર્દીઓની સંખ્યા સૌથી વધુ છે, જેમાં ૩૪૫ દર્દીઓ રાહ જોવાની યાદીમાં છે, જ્યારે મહારાષ્ટ્રમાં ૩૪૧ દર્દીઓ રાહ જોવાની યાદીમાં છે. તમિલનાડુમાં ફેફસાના ટ્રાન્સપ્લાન્ટના દર્દીઓની સંખ્યા સૌથી વધુ ૩૧૫ છે, ત્યારબાદ કર્ણાટક (૧૬૩) આવે છે. વધુમાં, એક પ્રશ્નના જવાબમાં, કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં (૨૦૨૦ થી ૨૦૨૪ સુધી) ૫૩,૧૯૮ દર્દીઓએ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું હતું. આમાંથી, રાજધાની દિલ્હીમાં સૌથી વધુ કિડની ટ્રાન્સપ્લાન્ટ (૯,૩૦૭) થયા હતા, ત્યારબાદ તમિલનાડુ (૬,૫૮૩) અને મહારાષ્ટ્ર (૫,૧૯૪) આવ્યા હતા. આ પાંચ વર્ષોમાં, દેશભરમાં ૧૭,૯૩૯ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા હતા, જેમાં દિલ્હીમાં સૌથી વધુ લીવર ટ્રાન્સપ્લાન્ટ (૬,૩૬૮) થયા હતા.

હૃદય ટ્રાન્સપ્લાન્ટની વાત કરીએ તો, પાંચ વર્ષમાં ૯૫૭ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા હતા, જેમાં તમિલનાડુમાં સૌથી વધુ ૩૩૨ હતા. ફેફસાં ટ્રાન્સપ્લાન્ટ ૭૬ દર્દીઓમાં કરવામાં આવ્યા હતા, જ્યારે સ્વાદુપિંડ ટ્રાન્સપ્લાન્ટ ૧૩૦ હતા. આમ, છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૭૨,૯૯૩ અંગ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા હતા. હાલમાં, ૮૨,૨૮૫ દર્દીઓ તેમના અંગ ટ્રાન્સપ્લાન્ટની રાહ જોઈ રહ્યા છે.

# વકફ બોર્ડે ચૂકવવી પડશે કોર્ટ ફી

### ગુજરાત હાઈકોર્ટે એકસાથે ૧૫૦ વકફ અરજીઓ ફગાવી : હર્ષ સંઘવીએ કોર્ટના નિર્ણય પર ખુશી વ્યક્ત કરી




રાજકોટ, તા. ૧૮

ગુજરાત હાઈકોર્ટે મુસ્લિમ વકફ સંસ્થાઓ દ્વારા કોર્ટ ફીમાંથી મુક્તિ મેળવવા માટે દાખલ કરાયેલી અરજીઓ ફગાવી દીધી છે. કેસની સુનાવણી કરતા કોર્ટે જણાવ્યું હતું કે ગુજરાત કોર્ટ ફી એક્ટ, ૨૦૦૪, વકફ ટ્રિબ્યુનલ સમક્ષ દાખલ કરાયેલી અરજીઓ પર લાગુ થશે. આ કેસોની સુનાવણી સિવિલ કોર્ટની જેમ જ કરવામાં આવશે. મુસ્લિમ વકફને હવે અન્ય ધાર્મિક ટ્રસ્ટો અથવા સખાવતી સંસ્થાઓની જેમ જ ગણવામાં આવશે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે હવેથી, મુસ્લિમ વકફ બોર્ડ અને તેની સંલગ્ન સંસ્થાઓને અન્ય ધાર્મિક ટ્રસ્ટોની જેમ કોર્ટ ફી ચૂકવવાની રહેશે. વધુમાં, હાઈકોર્ટે એકસાથે લગભગ ૧૫૦ વકફ અરજીઓ ફગાવી દીધી. લોકો માને છે કે આ નિર્ણય કાનૂની પ્રક્રિયામાં સમાનતા સ્થાપિત કરે છે અને જૂના કેસોના નિરાકરણને ઝડપી બનાવશે.

હાઈકોર્ટે તેના નિર્ણયમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે કોઈ પણ પક્ષ કાયદાથી ઉપર ન હોઈ શકે. તેથી, હિન્દુ ધાર્મિક ટ્રસ્ટો પર લાગુ પડતા નિયમો હવે વકફને સમાન રીતે લાગુ પડશે. અગાઉ, વકફને કોર્ટ ફીમાંથી મુક્તિ મળતી હતી. જો કે, હવે આ નાબૂદ કરવામાં આવ્યું છે. વકફ બોર્ડ દેશભરમાં ૯,૪૦,૦૦૦ એકરથી વધુ જમીન ધરાવે છે. આ જમીનનું સંચાલન રાજ્યોમાં રચાયેલી વકફ સમિતિઓ દ્વારા કરવામાં આવે છે. આ નિર્ણય દ્વારા, કોર્ટે તમામ ધાર્મિક ટ્રસ્ટો માટે કાનૂની પ્રક્રિયામાં સમાનતા લાવવાની હાકલ કરી છે. સ્પષ્ટપણે, હવે બધા ધર્મોના વકફને કોર્ટ ફી ચૂકવવાની રહેશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત હાઈકોર્ટના નિર્ણય પર ખુશી વ્યક્ત કરી અને કોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યું. તેમણે જણાવ્યું હતું કે ફી વસૂલ ન થવાને કારણે પેન્ડિંગ કેસોમાં વધારો થઈ રહ્યો હતો. હવે, ઓછા કેસ હોવાથી, પેન્ડિંગ કેસોનો શક્ય તેટલી ઝડપથી ઉકેલ આવશે. ગુજરાત હાઈકોર્ટે મુસ્લિમ વકફ સંસ્થાઓ દ્વારા કોર્ટ ફી મુક્તિ મેળવવા માટેની અરજીઓને ફગાવી દીધી હતી. હવે, અન્ય ધાર્મિક ટ્રસ્ટોની જેમ, વકફને પણ ગુજરાત કોર્ટ ફી એક્ટ, ૨૦૦૪ હેઠળ ફી ચૂકવવાની જરૂર પડશે.

### જામનગર રોડ પર રહેતાં પોતાને કોરીયોગ્રાફર તરીકે ઓળખાવતા સોયેબે બે વર્ષ પહેલા સોશિયલ મિડીયાથી ગંજીવાડાની યુવતિને મિત્ર બનાવીઃ દોઢ વર્ષથી યુવતિ રહે છે તેની સાથે

# ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડે યુવતિના માતા-ભાઈને ફટકાર્યા

## દિકરીને થોડા દિવસ માટે પોતાની ઘરે લઈ જવા માતા-ભાઈ આવ્યા ત્યારે સોયેબે તેણીને લઈ જવાની ના પાડતાં થઈ મારામારીઃ ભીંતમાં માથુ ભટકાતાં લોહી નીકળ્યાઃ સોયેબ ઉપર પણ સાણસીથી હુમલોઃ સામ સામી FIR

રાજકોટ, તા. ૧૮

જામનગર રોડ પર રહેતાં અને કોરીયોગ્રાફર તરીકે કામ કરતાં એક વિધર્મી યુવાને ઈન્સ્ટાગ્રામ મારફત શહેરના ગંજીવાડાની યુવતિ સાથે ઈન્સ્ટાગ્રામ મારફત મિત્રતા કેળવી લીધા બાદ આ યુવતિ દોઢેક વર્ષથી તેની સાથે રહેવા માંડતાં યુવતિને તેના માતા-ભાઈ મળવા આવતાં અને પોતાના ઘરે અઠવાડીયુ રોકાવા માટે લઈ જવાનું કહેતાં આ શખ્સે ના પાડી યુવતિના માતા-ભાઈ પર હુમલો કરી દીધો હતો અન વચ્ચે પડતાં યુવતિને પણ ફટકારી હતી. વળતા હુમલામાં આ કોરીયોગ્રાફર પણ ઘાયલ થઈ જતાં પોલીસે સામ-સામે એફઆઈઆર દાખલ કરી છે.

વિગતો પર નજર કરીએ તો ભાવનગર રોડ પર ગંજીવાડામાં રહેતાં પરિવારની એક યુવતિને બજરંગવાડી વિસ્તારના અને હાલ માનહરપુર તરફ રહેતાં મુસ્લિમ શખ્સે ઈન્સ્ટગ્રામથી ફ્રેન્ડ બનાવી લીધા બાદ આ યુવતિને દોઢેક વર્ષથી પોતાની સાથે જ રાખતો હતો. દરમિયાન આ યુવતિને મળવા માટે તેણીનો ભાઈ અને માતા માધાપર ચોકડી પાસે મામાસાહેબના મંદિર પાસે કોરીયોગ્રાફરના ઘરે પાસે જતાં અને દિકરીને પોતાના ઘરે ચાર-પાંચ દિવસ રોકાવવા આવવાનું કહેતાં મુસ્લિમ શખ્સ અને તેની બહેને ના પાડી ઝઘડો કરી આ યુવતિને તેમજ તેના ભાઈ અને માતાને મારકુટ કરી લીધી હતી. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે ભાવનગર રોડ ગંજીવાડા શેરી નં. ૨૪ બજરંગ ચોકમાં રહેતાં હર્ષદ શૈલેષભાઈ વાડોદરા નામના અઢાર વર્ષના યુવાનની ફરિયાદ પરથી જામનગર રોડ બજરંગવાડી શેરી નં. ૧૫ જીલ્લાની પ્રોવીઝન સ્ટોર પાસે રહેતાં સોયેબ અબ્દુલભાઈ અને તેની બહેન મુસ્કાન વિરૂધ્ધ મારામારી, એટ્રોસીટી એક્ટની કલમો હેઠળ એફઆઈઆર દાખલ કરી છે.

હુમલામાં ઘાયલ થયેલા હર્ષદે જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને કપડાના શો રૂમમાં નોકરી કરુ છું. બુધવારે સાંજે છએક વાગ્યે હું અને મારા મમ્મી ભાવનાબેન શૈલેષભાઈ વાડોદરા માધાપર ચોકડીથી આગળ આવેલી રાધે હોટલની સામે ખીજડાવાળા મામાસાહેબના મંદિર પાસે મારા મોટા બહેન જે એક વર્ષથી સોયેબ અબ્દુલભાઈની સાથે રહેતી હોઈ તેને મળવા ગયા હતાં. મારા મમ્મીને મારી બહેનને



મળવું હોઈ જેથી હું પણ તેની સાથે ગયો હતો. અમે બધા ત્યાં એકઠા થયા ત્યારે મારા મમ્મી મારી બહેનને સમજાવતાં હતાં. આ વખતે સોયેબની બહેન મુસ્કાન મારી બહેન સાથે આવી હતી. તેણે ફોન કરી તેના ભાઈ સોયેબને બોલાવી લીધો હતો.

તેણે વધુમાં કહ્યું કે મારા મમ્મી મારી બહેનને ચાર-પાંચ દિવસ માટે ઘરે રોકાવા આવવાનું કહેતાં હોઈ સોયેબે અમને ના પાડી દીધી હતી અને અમારી સાથે બોલાચાલી કરી ઝઘડો કરવા માંડ્યો હતો. બાદમાં અમારી સાથે ઝપાઝપી કરી અમારા સમાજ વિશે જેમતેમ બોલી અપમાનીત કર્યા હતાં. સોયેબ બોલવા લાગેલો કે તમારા સમજાના ગમે તે આવશે તો પણ તમે લોકો અમારું કંઈ બગાડી શકશો નહિ. તેમ કહી મને ધક્કો મારતાં મારું માથું દિવાલમાં ભટકાતાં લોહી નીકળવા માંડ્યા હતાં. તેમજ મારા મમ્મી વચ્ચે પડતાં તેને અને મારી બહેન વચ્ચે પડતાં તેને પણ સોયેબ અને તેની બહેન મુશ્કાને ઢીકાપાટુ માર્યા હતાં. આ પછી હું દોટ મુકી આગળ મારુ એક્ટીવા રાખ્યું હોઈ તે લઈને ભાગી ગયો હતો અને ૧૦૮ બોલાવી સારવાર માટે દાખલ થયો હતો.

સોયેબ અને મુસ્કાને મને, મારા મમ્મી અને બહેનને પણ મારકુટ કરી હોઈ ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં હર્ષદે કહેતાં પીઆઈ એચ. એન. પટેલની રાહબરીમાં એએસઆઈ એમ. પી. ચરમટાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હર્ષદે વધુમાં જણાવ્યું હતું કે મારી બહેન અગાઉ કામ કરવા જતી ત્યારે વામ્બે આવાસના બગીચા પાસે બેસી રહેતાં સોયેબે તેણીની પાછળ પાછળ જઈ ફસાવી હતી અને એક વર્ષથી લગ્ન વગર જ તે મારી બહેનને પોતાના ઘરે રાખતો હતો. માથાકુટ બાદ અમારી બહેનને અમે લઈને આવી ગયા પછી પણ તે તેને શોધવા નીકળ્યો હતો.

જો કે આ બનાવમાં બીજી તરફ પોલીસે વળતો ગુનો પણ દાખલ કર્યો છે. જેમાં જામનગર રોડ મનહરપુર-૧ ખીજડાવાળી શેરીમાં સોમીબેન વાલ્મીકીના મકાનમાં ભાડેથી રહેતાં અને કોરીયોગ્રાફર તરીકે કામ કરતાં સત્યાવીસ વર્ષના સોયેબ અબ્દુલભાઈ કાસમભાઈ ભાવરની ફરિયાદ પરથી હર્ષદ શૈલેષભાઈ વાડોદરા અને અનુભાઈ વિરૂધ્ધ ફરિયાદ નોંધી છે. સોયેબ ભાવરે જણાવ્યું છે કે હું મારા માતા-પિતા, મોટા બા અને બહેન મુસ્કાન સાથે રહુ છું અને કોરીયોગ્રાફર તરીકે છુટક કામ કરુ છું. બે વર્ષ પહેલા પાયલ શૈલેષભાઈ સાથે ઈન્સ્ટાગ્રામ દ્વારા મારો સંપર્ક થયો હતો અને ેઢ વર્ષથી તે મારી સાથે રહે છે. બુધવારે સાંજે પાંચેક વાગ્યે હું ગ્રીનલેન્ડ ચોકડીએ હતો ત્યારે મારી બહેન મુસ્કાનનો મને ફોન આવ્યોહ તો કે પાયલના મમ્મી, તેનો નાનો ભાઈ હર્ષદ, અનુભાઈ આપણી ઘરે આવ્યા છે. આથી હું મારા ઘરે જતાં આ બધા હાજર હતાં. પાયલના માતા અને ભાઈએ મને કહેલું કે-અમે પાયલને અઠવાડીયા માટે અમારી ઘરે લઈ જઈએ છીએ.

જેથી મેં તેને કહેલું કે આવવું હોય તો લઈ જાવ. આમ કહી પાયલને વારંવાર પુછેલુ હતું, હર્ષદે કહેલું કે-તું સોયેબથી ડરે છે એટલે નથી આવતી ને? આમ કહતાં મેં કહેલું કે હું તેને ના નથી પાડતો. આ સાંભળી હર્ષદ, અનુભાઈએ ઉશ્કેરાઈ જઈ મને ધક્કો મારતાં હું દિવાલમાં ભટકાઈ જતાં પડી ગયો હતો. આ પછી હર્ષદે મારા ઘરમાંથી સાણસી ઉપાડી મને માથામાં મારી દીધી હતી. અનુભાઈએ ઢીકાપાટુ માર્યા હતાં. હું દેકારો કરવા માંડતા આ લોકો નીકળી ગયા હતા. હું સિવિલ હોસ્પિટલે સારવાર લઈ ફરિયાદ કરવા પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. તેમ સોયેબએ વધુમાં કહેતાં તેની પણ ફરિયાદ દાખલ કરાઈ હતી. પોલીસે હાલ સોયબેને અટકાયતમાં લઈ વિશેષ કાર્યવાહી કરી હતી. હર્ષદને હોસ્પિટલમાંથી રજા અપાયા બાદ અટકાયતની કાર્યવાહી થશે.

# ઈન્ડિયન બેંકના સ્ટ્રોંગ રૂમમાંથી ૬૪ લાખનું સોનું ગાયબ

### અંતે એ ડિવિઝન પોલીસમાં જે-તે સમયના આસિસ્ટન્ટ બ્રાન્ચ મેનેજર શ્રુતિ શખારે અને આસિસ્ટન્ટ મેનેજર વિષ્ણુ નાયરણ સામે ગુનો દાખલ કરાયો

રાજકોટ, તા. ૧૮

શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલી ઈન્ડિયન બેંકના રિજિયોનલ આસિસ્ટન્ટ જનરલ મેનેજર ઘનશ્યામકુમાર વિનોદાનંદ ઝાએ ભક્તિનગર સ્ટેશન પ્લોટ શાખાના બે પૂર્વ અધિકારીઓ વિરુદ્ધ વિશ્વાસઘાત અને ચોરીની ફરિયાદ નોંધાવી છે. બેંકના સેફ ડિપોઝિટ વોલ્ટમાંથી ગ્રાહકોનું આશરે ૧ કિલો સોનું ગાયબ થતા બેંકિંગ આલમમાં ચકચાર મચી ગઈ છે.

વિગતો જોઈએ તો રાજકોટ બિઝનેસ સેન્ટર, ગોંડલ રોડ પર આવેલી ઈન્ડિયન બેંકની શાખામાં એપ્રિલ ૨૦૨૫થી ફરજ બજાવતા એજીએમ ઘનશ્યામકુમારે નોંધાવેલી ફરિયાદ મુજબ, બેંકમાં ગ્રાહકોએ લોન પેટે ગીરો મૂકેલા સોનાના દાગીનાના બે પાર્સલ ગુમ થયા છે. આ પાર્સલની કુલ કિંમત ૬૪,૨૯,૬૦૦ અંદાજવામાં આવી છે. દરમિયાન ગત જાન્યુઆરી ૨૦૨૫માં જ્યારે ઝોનલ ઓફિસ દ્વારા તપાસ કરવામાં આવી ત્યારે તમામ હિસાબ બરાબર હતો. પરંતુ, ૧૭ માર્ચ ૨૦૨૫ના




રોજ મુંબઈ હેડ ઓફિસથી આવેલા ઈન્સ્પેક્ટર ચેતનકુમાર ચંદેએ જ્યારે સોનાના દાગીનાની ભૌતિક ચકાસણી કરી, ત્યારે ૪૭ પાઉચને બદલે માત્ર ૪૫ પાઉચ જ મળી આવ્યા હતા. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે સંગીતાબેન શાહ અને શ્યામભાઈ શાહ નામના ગ્રાહકોના કુલ ૧૦૦૫.૧૦ ગ્રામ સોનાના દાગીના ગાયબ છે.

બેંકના નિયમ મુજબ સ્ટ્રોંગ રૂમ અને ગોલ્ડ લોકરની ચાવીઓ જે-તે સમયના આસિસ્ટન્ટ બ્રાન્ચ મેનેજર શ્રુતિ શખારે અને આસિસ્ટન્ટ મેનેજર વિષ્ણુ નાયરણ પાસે રહેતી હતી. આ બંને અધિકારીઓની હાલ ચેન્નાઈ ખાતે બદલી થઈ ચૂકી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, લોકર ખોલવા માટે બંનેની સંયુક્ત ચાવીની જરૂર પડતી હોય છે. જ્યારે આ બાબતે તેમની પૂછપરછ કરવામાં આવી ત્યારે તેઓએ સંતોષકારક જવાબ આપ્યો નહોતો અને પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી લીધા હતા.

એજીએમ ઘનશ્યામકુમાર ઝાની ફરિયાદના આધારે રાજકોટ એ-ડિવિઝન પોલીસ મથકના પીએસઆઈ એચ.એન. જેઠવાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ બેંકના જવાબદાર અધિકારીઓએ પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી, સમાન ઈરાદે સોનાના પાર્સલ મેળવી લઈ વિશ્વાસઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસ હવે બેંકના સીસીટીવી ફૂટેજ અને રજિસ્ટરની તપાસ કરી રહી છે.

### નાસ્તો તો અમને જ પહેલા દેવો પડશે કહી બે શખ્સે ડખ્ખો કર્યોઃ પછી ફોન કરતાં ફોર્ચ્યુનરમાં આવેલા શખ્સોએ મચાવી ફિલ્મી ધમાલ

# 'દાળ પકવાન'વાળા વિપુલ પર હુમલો

### બેડી ચોકડીએ બનેલી બબાલમાં બેડીપરાના દેવશી બાબૂતર સહિતના હોવાનું ખુલ્યુંઃ કુવાડવા પોલીસે ઝડપી લેવા શરૂ કરી મહેનત

રાજકોટ, તા. ૧૮

શહેરમાં ગમે ત્યારે ગમે તે વાતે બબાલ થઈ પડે છે અને લોકો કાયદા કાનૂનનો પોલીસનો ભય ન હોય તેમ સરાજાહેર બીજા પર તૂટી પડી કાયદાની ઐસી તૈસી કરતાં રહે છે. આવી જ એક ઘટના મોરબી રોડ પરના બેડી ગામે બની છે. બેડી ગામમાં રહેતાં અને દાળ પકવાનની લારી રાખી ગુજરાન ચલાવતાં યુવાનની લારીએ બે શખ્સો નાસ્તો કરવા આવતાં અને બીજા ગ્રાહકોની પહેલા પોતાને નાસ્તો આપી દેવાનું કહી બોલાચાલી કરી બાદમાં બેડીપરાના દેવશી બાબુતર સહિતને જાણ કરતાં તે ફોર્ચ્યુનર કારમાં બીજા શખ્સોને લઈને આવતાં દાળ પકવાનના ધંધાર્થી ઉપર લોખંડના પાઈપથી દેવાવાળી કરતાં તેનો હાથ ભાગી ગયો હતો. આ બાકાઝીકીનો વિડીયો પણ ભારે વાયરલ થયો હતો

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે મોરબી રોડ પર બેડી ગામે હનુમાનજીના મંદિરવાળી શેરીમાં રહેતાં વિપુલ રાણાભાઈ વડેચા નામના બત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી ફોર્ચ્યુનર કાર જીજે૦૩કેએચ-૮૧૯૧માં આવેલા ચાલક દેવશી બાબુતર-રહે. બેડીપરા અને તેની



સાથેના પાંચ શખ્સો વિરૂધ્ધ ગેરકાયદે મંડળી રચી પાઈપથી હુમલો કરી વિપુલ અને સાથેના સુનિલભાઈને માર મારી વિપુલનો હાથ ભાંગી નાંખ્યાનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી. વિપુલે ફરિયાદમાં જણાવ્યું હતું કે હું મારા પરીવાર સાથે રહું છુ અને રાજકોટ બેડી ગામ ખાતે આવેલ મધુરમ હોસ્પીટલની સામે જયશ્રી ચામુંડાના નામની દાળ પકવાનની લારી રાખી વેપાર ધંધો કરૂ છુ. મારી સાથે સુનીલ ભીમજીભાઈ વાઘેલા જે અમારી જ્ઞાતિના છે તે કામ કરે છે. ૧૬મીએ બપોરે બે વાગ્યા આસપાસ હું અને સુનિલ રેંકડી હતો ત્યારે બે જણા આવ્યા હતાં અને નાસ્તો કરવો છે તેમ કહેતાં મેં કહેલું કે બીજા ગ્રાહક તમારી પહે લા આવેલા છે તેઓને આપી દઉં પછી તમને પણ આપી દઈશ. આ સાંભળી બંનેએ કહેલું કે જે હોય તે પણ તું અમને પહેલા આપી દે.

ત્યારબાદ તેણે મોબાઈલમાંથી કોઈ વ્યકિતને ફોન જોડી મારી સાથે વાત કરાવી હતી. એ વ્યક્તિએ પણ કહેલું કે- આમને નાસ્તો પહેલા આપી દે, તેને મોડુ થાય છે. જેથી મેં તેને પણ કહેલું કે મારી પાસે ગ્રાહકો પહેલા આવેલા છે તેને આપીને આમને પણ આપી દઈશ. ત્યાર બાદ પંદરેક મીનીટ થયા પછી આ બંનેએ અમે કયારના અહીં ઉભા છીએ અમને કેમ નાસ્તો આપતા નથી? તેમ કહીને જેમ ફાવે તેમ બોલવા લાગતાં મેં કહેલું કે તમારા માટે જ નાસ્તો બનાવુ છુ. થોડીવાર તો લાગશે પણ તમે શાંતી રાખો. મારી આ વાત તેને સારી નહીં લાગતા મારી સાથે બોલાચાલી ઝઘડો કરી એક શખ્સે ત્યાં પડેલ ટેબલ મને મારવા માટે ઉપાડતા મે પણ ટેબલ ઉપાડેલ.

આ પછી અમારી વચ્ચે ઝપાઝપી થઈ હતી. ત્યાં થોડી વાર બાદ એક ફોર્ચ્યુનર કાર નં. જીજે૦૩કેએચ-૮૧૯૧ આવી હતી. જેમાંથી બેડીપરાના દેવશીભાઈ બાબુતર કે જેને હું ઓળખુ છું તે ગાડીમાથી લોખંડનો પાઈપ લઈને ઉતરેલ. હું કંઈ બોલુ તે પહેલા તે પાઈપથી મને મારવા માંડ્યા હતાં. આથી મેં તેઓને પહેલા મારી વાત તો સાંભળો તેમ કહેતાં તેણે વધુ માર માર્યો હતો. મારી સાથે કામ કરતો સુનિલ વચ્ચે પડતાં તેને પણ પાઈપથી ફટકાર્યો હતો. બાદમાં તેની સાથેના શખ્સોએ પણ વારાફરતી ગાડીમાંથી ઉતરી અમને બંનેને માર માર્યો હતો. દેવશીભાઈએ મને ડાબા હાથમાં ઘા ફટકારતાં અને બંને પગમાં પણ ઘા મારતાં હુંપડી ગયો હતો.

આ માથાકુટને પગલે માણસો ભેગા થઈ જતાં આ બધાએ અમને છોડાવ્યા હતાં. જતાં જતાં મારી દાળ પકવાનની દૂકાનમાં પણ તોડફોડ કરી હતી. મને હાથમાં ખુબ દુઃખાવો થતો હોઈ ૧૦૮ બોલાવી હતી. હું અને સુનિલ સારવાર માટે ગયા હતાં. જ્યાં મારા હાથના એક્સ-રે થતાં ફ્રેકચર હોવાનું નિદાન થયું હતું. સારવાર બાદ મેં પોલીસ ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યુ હતું. તેમ વધુમાં વિપુલે જણાવતાં કુવાડવા પીઆઈ બી. પી. રજયાની રાહબરીમાં હેડકોનસ. એન. એમ. શીરોળીયાએ ગુનો નોંધ્યો છે. ભાગી ગયેલા આરોપીઓને શોધવા પોલીસે દોડધામ શરૂ કરી છે. આ ઘટનાનો વિડીયો પણ વાયરલ થતાં પોલીસ હરકતમાં આવી હતી. હુમલાખોરમાં સામેલ બાબૂતરનું સામા કાંઠે મોટુ નામ હોવાનું કહેવાય છે.

### પુરૂષો જ સામાન્ય રીતે આવા અવળાધંધામાં પકડાતા હોય છે પણ અહિ ઉલ્ટુ થયું

# મહિલા જ મહિલાઓના દેહ વેંચાવી કમાતી'તી રોકડા!

## ગાંધીગ્રામ પોલીસે 'હેતધારા' એપાર્ટમેન્ટમાં 'માયા' સંચાલિત કૂટણખાનુ પકડતાં ચોંકાવનારી વિગતો ખુલીઃ એક મહિનાથી યુગાન્ડા, મહારાષ્ટ્ર, અમદાવાદની યુવતિઓને અહિ રાખી કૂટણખાનુ ચલાવાતું હતું

રાજકોટ, તા. ૧૮

શહેરમાં એક સમયે રેડલાઈટ એરીયાનું નામ પડતું તો ભાવનગર રોડ જ લોકોને દેખાતો. પરંતુ ત્યાં હવે આવી પ્રવૃતિઓ નહિવત થઈ ગઈ છે કે થતી જ નથી. પરંતુ હવે લોહીના વેપલા, ગંદા ધંધા સાથે સારા સારા પરિવારના પુરૂષો અને મહિલાઓ પણ સામેલ થઈ ગયા છે અને અવાર-નવાર શહેરના પોશ વિસ્તારોમાંથી કૂટણખાના ઝડપાય છે. વારંવાર પોલીસ સ્પાની આડમાં ચાલતા આવા અવળાધંધાનો પર્દાફાશ કરે છે. દરમિયાન હવે યુનિવર્સિટી રોડ જલારામ સોસાયટીમાં એક એપાર્ટમેન્ટ કે જેનું નામ હેતધારા એપાર્ટમેન્ટમાં છે તેમાં માયા નામની મહિલા ફ્લેટ ભાડે રાખી અલગ અલગ યુવતિઓ પાસે દેહના સોદા કરાવતાં ઝડપાઈ ગઈ છે. પોલીસે આ પર્દાફાશ કરવા ડમી ગ્રાહકનો સહારો લીધો હતો. અહિ શોખીનો તનની ભુખ ભાંગવા તો આવતા જ હતાં, સાથે દારૂની તલપ ણ છીપાવી શકાય તે માટે બાટલીની પણ વ્યવસ્થા હતી!

વિગતો પર નજર કરીએ તો શહેરના સ્પા-મસાજ પાર્લરોની આડમાં ચાલી રહેલા કુટણખાના પર એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટે સતત દરોડા પાડ્યા બાદ હવે ગાંધીગ્રામ પોલીસે પોશ વિસ્તાર એવા યુનિવર્સિટી રોડ પર જલરામ સોસાયટી-૨માં એક એપાર્ટમેન્ટના ફ્લેટમાં ચાલતાં કુટણખાનાનો પર્દાફાશ કરી સંચાલક મહિલા સહિત બેની ધરપકડ કરી છે. અહિ યુગાન્ડા, મહારાષ્ટ્ર, અમદાવાદની પાંચ યુવતિઓને રાખી લોહીનો વેપલો કરાવાતો હતો. પોલીસે ડમી ગ્રાહક મોકલી દરોડો પાડ્યો હતો. દારૂની બોટલ પણ મળી આવતાં અલગથી ગુનો દાખલ કરાયો હતો. ગાંધીગ્રામ પોલીસની ટીમ ગેરપ્રવૃતિઓ શોધી કાઢવા તપાસમાં હતી ત્યારે હેડકોન્સ. રવિભાઈ ગઢવી અને કોન્સ. કૌશિકભાઈ ડાંગરને બાતમી મળી હતી કે યુનિવર્સિટી રોડ જલારામ સોસાયટી-૨માં આવેલા હેતધારા એપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૧૦૧માં માયા હરેશભાઈ કાકડીયા નામની મહિલા યુવતિઓને રાખીને દેહવ્યાપાર કરાવે છે.

આ બાતમી પરથી ડમી ગ્રાહક મોકલીને તપાસ કરાવતાં બાતમી સાચી ઠરી હતી. ડમી ગ્રાહકે અંદર પહોંચી શરીર સંબંધની અને પૈસાની વાત કરી હતી. બધુ પાક્કુ થયા બાદ નક્કી થયા મુજબ તેણે



**તનની પ્યાસ બુઝાવવા આવતાં શોખીનોને જરૂર પડે તો દારૂની તરફ મીટાવવાની પણ કરી અપાતી હતી વ્યવવસ્થા!**

બાથરૂમમાં જઈ પોલીસને જાણ કરી દીધી હતી. આથી પોલીસની ટીમ ફ્લેટ ખાતે પહોંચી હતી અને દરવાજો ખખડાવતાં એક મહિલાએ ખોલ્યો હતો. તેને પોલીસે ઓળખ આપી નામ પુછતાં માયા હરેશભાઈ ઘુસાભાઈ કાકડીયા જણાવ્યું હતું. બત્રીસ વર્ષની આ મહિલાએ પોતે હાલ મવડી સમૃધ્ધ પાર્ક-૧માં રહેતી હોવાનું અને પોતાનું મુળ વતન વડોદરા સમા સાવલી રોડ, શ્રીનાથજી ગેઈટ હોવાનું તેમજ પોતે મુળ મુસ્લિમ જ્ઞાતિની હોવાનું કહ્યું હતું.

પોલીસે દરોડો પાડ્યો ત્યારે હોલમાં એક અન્ય શખ્સ હાજર હતો, તેનું નામ પુછતાં સુમિત ઉર્ફે શની નિલેશભાઈ રામી જણાવ્યું હતું. બત્રીસ વર્ષનો આ શખ્સ અમવાદા નારોલ ચોકડી આસ્ટોડીયા ભજીયા પાસે રહે છે અને તે માયાના ધંધામાં તેનો સાથીદાર હોવાનું જણાવ્યું હતું. અન્ય એક રૂમમાં જોતાં યુવતિઓ, મહિલાઓ બેઠી હતી. જેમાં બે યુવતિએ પોતે અમદાવાદની, એકે મહારષ્ટ્રની વતની હોવાનું કહ્યું હતું. આ પછી અન્ય રૂમમાં જોતાં ત્યાં હાજર યુવતિએ યુગાન્ડાની વતની હોવાનું કહ્યું હતું. આ પછી અન્ય રૂમમાં તપાસ કરતાં યુવતિ અને ડમી ગ્રાહક કઢંગી હાલતમાં મળી આવ્યા હતાં. આ યુવતિએ પોતે અમદાવાદની હોવાનું અને ફ્લેટ જેના હસ્તક છે તે માયા કાકડીયા પોતાની પાસે વેશ્યાવૃતિ કરાવતી હોવાનું કબુલ્યું હતું.

માયાની સાથે સુમિત ઉર્ફ શની પણ આ કામ કરાવતો હોવાનું અને ગ્રાહકો પાસેથી પચ્ચીસસો રૂપિયા લઈ એક હજાર પોતાને આપે છે તેમ કબુલ્યું હતું. આ પછી માયાના રૂમમાં તપાસ કરતાં ત્યાંથી રોયલ ચેલેન્જની દારૂની એક બોટલ પણ મળી હતી. માયાએ એકાદ મહિનાથી આ મકાન ભાડે રાખ્યું હોઈ ત્યારથી અહિ ગેરપ્રવૃતિ ચાલતી હોવાની શક્યતા છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ માયા મુળ મુસ્લિમ જ્ઞાતિની છે, તેના પિતાનું નામ અયુબભાઈ પઠાણ છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી રાકેશ દેસાઈ, એસીપી બી. જે. ચૌધરીની સુચના અંતર્ગત પીઆઈ એસ. આર. મેઘાણી, પીએસઆઈ વી. ડી. રાવલીયા, હેડકોન્સ. સહદેવસિંહ જાડેજા, રવિભાઈ ગઢવી, રોહિતદાન ગઢવી, શબ્બીરખાન મલેક, કોન્સ. મુકેશભાઈ સબાડ, રઘુવીરસિંહ જાડેજા, ભરતભાઈ મકવાણા, કોન્સ. પ્રેક્ષાબેન આહિર, શિલ્પાબેન વીંઝવાડીયા સહિતે આ કામગીરી કરી હતી. માયાએ પૈસા કમાવવા યુવતિઓને ભાડાના ફ્લેટમાં રાખી તેની પાસે દેહના સોદા કરાવવાનું ચાલુ કર્યુ હતું. મોટે ભાગે પુરૂષો આવા ધંધામાં પકડાતાં હોય છે, પણ અહિ એક મહિલા જ બીજી મહિલાઓના દેહ વેંચાવી કમાણી કરતી હોવાનું ખુલતાં ચકચાર જાગી હતી.

### કેટકેટલા બનાવો રોજબરોજ સામે આવે છે છતાં લોકો લપેટાય છે લાલચમાં

# ડિજીટલ એરેસ્ટ, શેર બજારના નામે ૧ કરોડ ચાંઉ

## વેપારીને તમે ડ્રગ્સ અને ક્રેડીટ કાર્ડ રેકેટ ચલાવો છો કહી ડરાવી સાંઇઠ લાખ પડાવ્યાઃ બીજા વેપારીને શેર બજારમાં મોટો નફો આપવાની લાલચ દઇ ત્રેપન લાખનો ચૂનો લગાવાયો

રાજકોટ, તા. ૧૮

સાયબર ફ્રોડના કિસ્સાઓ એક ઢૂંઢો હજાર મીલ જાતે હૈની જેમ એક ભુલો ત્યાં બીજા ચાર-પાંચ કિસ્સા સવાર પડતાં જ સામે આવી જતાં હોય છે. વધુ બે આવા ફ્રોડ બન્યા છે. જેમાં એક વેપારીને પાંચ દિવસ ડીજીટલ એરેસ્૭ કરીને સાંઇઠ લાખ પડાવી લવાયા છે. તો બીજી તરફ એક વેપારીને શેર બજારમાં નાણા રોકી મોટો નફો આપવાની લાલચ દઇ ત્રેપન લાખ પડાવી લેવાયા છે.

વિગતો પર નજર કરીએ તો પહેલો કિસ્સો સુરતનો છે. હીરાના વેપારીને પાંચ દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ કરીને રૂ. ૬૦.૧૪ લાખ ગઠીયા પડાવી ગયાનો બનાવ નોંધાયું છે. ઉત્રાણ ઓપેરા હાઉસમાં રહેતા મિલન લાભુભાઇ ગોટી વરાછા શ્રી રાધે ડાયમંડ વર્લ્ડમાં શ્રી રાધે ક્રિષ્ણ જેમ્સના નામે હીરાનો વેપાર કરે છે. તે પિતરાઇ ભાઇ જૈમીશ મહેશભાઇ ડાવર સાથે હીરાના વેપાર માટે ચીનના નીમ્બો સીટી ગયા હતા. ત્યારે સાંજે જૈમીશના મોબાઇલ ફોન પર કોલ આવ્યો હતો. અને પોતે નેશનલ પાર્સલમાંથી બોલતા હોવાનું અને મુંબઇમાં તેમનું પાર્લસ પકડાયું હોવાનું અને તેમાં ડ્રગ્સ અને ક્રેડિટ કાર્ડ હોવાનું કહ્યું હતું.

બાદમાં સાયબર ક્રાઇમના અધિકારી તરીકે સુનિલ દુબેએ ફોન આપ્યો હતો. પાંચ દિવસ સુધી આ ટોળકીએ તેમને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા. બાદ મિલન અને જૈમીશ ભારત પરત આવ્યા હતા. બાદમાં પોલીસ અધિકારી બનેલા સુનિલ દુબેએ ચીનમાં કેટલા રૂપિયાની ડીલ થઇ હોવાનું પુછ્યું હતું. જ્યારે જૈમીશે સાઇઠ લાખનું કહેતા જ આ ટોળકીએ તેમની ધરપકડ કરવાની ધમકી આપી રૂ.૬૦.૧૪ લાખ ટ્રાન્સફર કરાવી ઠગાઈ કરી હતી.

બીજી તરફ અમદાવાદના ત્રાગડમાં રહેતા ૩૬ વર્ષીય વેપારી નિરવ કુકડીયા સાથે સ્ટોક ટ્રેડિંગના નામે ૫૩.૩૫ લાખની છેતરપિંડી થઈ છે. નિરવભાઈ ફેસબુકમાં ઇન્વેસ્ટમેન્ટની જાહેરાત જોઈને એ-૫૧૦ વેલ્ધીઇન બ્રોકીંગ નામના વ્હોટ્સએપ ગ્રૂપમાં જોડાયા હતા. આ ગ્રૂપમાં ૧૦૪ મેમ્બર્સ હતા અને તેમાં વિદેશી



નંબરો ધરાવતી જયાસિંગ નામની વ્યક્તિ એડમિન હતી. આ ગ્રૂપમાં અન્ય મેમ્બર્સ દ્વારા નફાના સ્ક્રીનશોટ્સ મૂકીને વેપારીનો વિશ્વાસ મળવ્યો હતો. ત્યારબાદ, જયાસિંગ નામના વ્યક્તિએ ફરિયાદીને એક્સક્લુઝીવ સર્સિસ વીઆઇપી ૨૩૭ નામના અન્ય એક ગ્રૂપમાં એડ કર્યા અને તેમની પાસે નામ, પાનકાર્ડ, બેંક વિગતો સહિતની અંગત માહિતીઓ માંગી હતી. માહિતી મળ્યા બાદ,જયાસિંગે વેપારીને અન્ય નામની સ્ટોક ટ્રેડિંગ એપ્લિકેશન ડાઉનલોડ કરવા જણાવ્યું હતું. વેપારીએ એપ ડાઉનલોડ કરીને પોતાનું બેંકનું ખાતું એડ કર્યું હતું.

બાદમાં વેપારીએ ૧૦,૦૦૦ની રકમ બેંક ઓફ બરોડાના કરંટ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી હતી. શરૂઆતમાં એપમાં ૧૦,૫૮૬નું બેલેન્સ બતાવ્યું હતું. સાયબર ઠગે વેપારીનો વિશ્વાસ જીતવા માટે ૭ નવેમ્બરના રોજ વિડ્રો ઓપ્શનનો ઉપયોગ કરીને ૭૬૯ ઉપાડવાની રિક્વેસ્ટ મંજૂર કરી હતી. જેના બીજા દિવસે તેમના બેંક એકાઉન્ટમાં જમા થઈ ગયા હતા. આનાથી વેપારીને કંપની પર ભરોસો આવી ગયો અને તેઓ વધુ રોકાણ કરવા માટે તૈયાર થયા હતા. આ વિશ્વાસના આધારે વેપારીએ અલગ-અલગ બેંક એકાઉન્ટોમાં ટુકડે-ટુકડે રૂપિયા ટ્રાન્સફર કરીને શેર અને આઇપીઓમાં ઇન્વેસ્ટમેન્ટ કર્યું હતું.

આ પછી સુદિપ ફાર્મા કંપનીના આઇપીઓ માટે બેલેન્સ ખૂટતું હોવાથી, વેપારીએ ૧૬ લાખની રકમ ભરી. સાયબર ઠગે વેપારીને ૩૦,૯૩,૧૨૦ની લોન પણ લેવડાવી હતી. આના કારણે એપમાં કુલ બેલેન્સ ૮૦,૯૩,૧૨૫ થયું હતું. વેપારીએ મધર ન્યુટ્રી ફૂડ્સ લી. કંપનીના આઈ.પી.ઓ. માં ખૂટતી રકમ ૧૦,૨૪,૫૮૬ ભરી હતી. આઇપીઓ ઓપન થતાં, એપ્લિકેશનમાં કુલ પ્રોફિટ સાથે બેલેન્સ ૫,૭૨,૭૬,૦૦૦ જેટલું થયું હતું.

જ્યારે વેપારીએ પૈસાની જરૂર હોવાથી એપ્લિકેશનમાં વિડ્રો રિક્વેસ્ટ નાખી ત્યારે તેમને લોન નોટ સેટલનો મેસેજ મળ્યો અને રૂપિયા ઉપાડવા દેવામાં આવ્યા નહીં. જયાસિંગે વિડ્રો માટ એક ટકા કમિશન અને વધારાનું વીસ ટકા કમિશન આપવાની વાત કરી અને અંતે પાંચ કમિશન ઉપરાંત બીજા ૩૧,૨૫,૮૦૮ ભરવાનું કહેતા વેપારીને છેતરપિંડીની જાણ થઈ હતી. આમ, કુલ ૫૩,૩૫,૮૮૬નું રોકાણ કરાવીને સાયબર ઠગે વેપારી સાથે છેતરપિંડી કરતા સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવાતા તપાસ શરૂ કરવામાં આવી હતી.

### મોટા ભાગના આવા કિસ્સાઓમાં પરિચીતો ભગાડી ગયા હોય છઃ આ કિસ્સામાં શું થયું? તેની તપાસ

# રાજકોટ બસ સ્ટેશનમાંથી બાળા ભેદી રીતે ગૂમ

### આંખ બતાવવા ટંકારાથી રાજકોટ આવેલા વૃધ્ધા બસ સ્ટેશનના બાથરૂમમાં જઇ બહાર આવ્યા ત્યાં સોળ વર્ષની પૌત્રી ગાયબ હતી એ-ડિવીઝન પોલીસે અપહરણનો ગુનો નોંધી શરૂ કરી તપાસ



રાજકોટ, તા. ૧૮

શહેરમાંથી વધુઅ એક સગીરા ભેદી રીતે ગાયબ થઇ જતાં પોલીસે નિયમોનુસાર અપહરણનો ગુનો દાખલ કર્યો છે. આ સગીરા ટંકારાથી રાજકોટ દાદીમા સાથે આંખ બતાવવા આવ્યા બાદ પરત ટંકારા જવા દાદીમા સાથે રાજકોટ એસટી બસ પોર્ટ ખાતે આવી ત્યારે દાદીમાં બાથરૂમ કરવા માટે ગયા હતા. પરંતુ દાદીમાં બહાર આવ્યા ત્યારે તેની પૌત્રી ભેદી રીતે ગાયબ થઇ ગઇ હતી!

આ ઘટનામાં એ-ડિવીઝન પોલીસે ટંકારાના મહિલાની ફરિયાદ પરથી તેની ૧૬ વર્ષની દિકરીના અપહરણનો ગુનો દાખલ કરી તપાસ આરંભી હતી. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું. મારે બે સંતાન છે જેમાં દિકરી સોળ વર્ષ અને સાત મહિનાની ઉમરની છે. સોળમીએ મારી દિકરી મારા સાસુ સાથે રાજકોટ ખાતે આંખનું ઓપરેશન કરાવેલુ હોઇ જેથી ડોક્ટરને બતાવવા માટે મારા સાસુ સાથે રાજકોટ આવી હતી. આ બંને આંબેડકરનગરમાં અમારા સગાના ઘરે રોકાયા હતાં. બાદ સત્તરમીએ રાજકોટથી દાદી-પૌત્રીને પરત ટંકારા આવવાનું હોઇ બંને એસટી બસ સ્ટેશને પહોંચ્યા હતાં. આ પછી સવારે સાડા દસેક વાગ્યે મારી દિકરીએ મને ફોન કરી કહેલું કે હું અને દાદી બસ સ્ટેશને આવી ગયા છીએ અને હજુ બસ આવી નથી, રાહ જોઇએ છીએ. આ પછી થોડીવાર બાદ અગીયારેક વાગ્યે મેં ફરી દિકરીને ફોન કરતાં ફોન બંધ આવતો હતો.

ત્યારપછી સવા અગીયારેક વાગ્યે મારા સાસુએ મને કોઇના ફોનમાંથી ફોન કરી જાણ કરી હતી કે હું અને તારી દિકરી બસ સ્ટેશનમાં હતાં ત્યારે હું બાથરૂમ ગઇ હતી. બહાર આવી ત્યારે તારી દિકરી જોવા મળી નથી. આસપાસમાં શોધખોળ કરવા છતાં મળી નથી. આ પછી મારા સામસુ ટંકારા આવી ગયા હતાં અને અમે ઘરમેળે દિકરીને શોધખોળ કર્યા બાદ રાજકોટ આવી ફરિયાદ કરી હતી. પીઆઇ બી. વી. બોરીસાગરની રાહબરીમાં હેડકોન્સ. એન. બી. શીયાળે ગુનો નોંધી સીસીટીવી ફુટેજ મેળવી બાળાનું પગેરૂ શોધવા મહેનત આદરી હતી.

# બે જણાએ 'ઢીકા' મારીને રિક્ષાચાલકનું ઢાળ્યું 'ઢીમ'

### મુસાફરને ઉતારવા હોઇ આધેડે રિક્ષા ઉભી રાખી ત્યારે ટુવ્હીલર પર પાછળ આવી રહેલા શખ્સો ઉશ્કેરાઇ ગયા અને માથામાં બેફામ ઘુસ્તા-ઢીકા માર્યાઃ જેના કારણે નીકળી ગયો જીવ

રાજકોટ, તા. ૧૮

આજના યુગમાં માણસ વાતે વાતે કે નહિ જેવી વાતે ક્રોધથી કાળઝાળ થઇ જતો હોય છે. રસ્તા પર વાહન અથડાવા મામલે કે પછી આગળનો વાહન ચાલક ઓચીંતા તેનું વાહન કોઇ કારણે ઉભુ રાખી દે, બ્રેક મારી દે તો તેના કારણે પણ પાછળનો વાહન ચાલક ઉશ્કેરાઇ જતો હોય છે, બોલાચાલી ગાળાગાળી થાય ત્યાં સુધી તો ઠીક પણ ઘણીવાર આવા મામલે કોઇ કોઇનો જીવ લઇ લે તો? આવી જ ઘટના ઘટી છે જેમાં એક રિક્ષચાલક આધેડે મુસાફરોને ઉતારવા રિક્ષા ઉભી રાખતાં જ તેની પાછળના ટુવ્હીલરમાં બેઠેલા બે શખ્સો કાળઝાળ થઇ ગયા હતાં. બંનેએ આ આધેડને એવા ઢીકા માર્યા એવા ઢીકા માર્યા કે તેનું ઢીમ ઢળી ગયું!

એક પરિવારના મોભીની હત્યાની આ ઘટના પર નજર કરીએ તો આ ચોંકાવનારો બનાવ જામનગરમાં બન્યો છે. અહિ રહેતાં મુસ્લિમ આધેડ રિક્ષામાં ભાડા કરતાં હોઇ તેઓ ડીકેવી રોડ પર રિક્ષા ઉભી રાખી મુસાફરને ઉતારતાં હતાં ત્યારે બાઇક પર આવેલા બે શખ્સોએ તેની સાથે ઝઘડો કરી ભુંડી ગાળો દઇ માથા-કપાળે આડેધડ ધુંબા મારતાં તેમની હાલત બગડતાં અને બેભાન થઇ જતાં જામનગર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ તેમનું મોત થતાં પરિવામાં માતમ છવાઇ ગયો હતો. આ બનાવમાં જામનગર સીટી બી-ડિવીઝન પોલીસે હત્યાનો ભોગ બનનાર ઇબ્રાહીમભાઇ દાઉદભાઇ માકોડા કે જે પિસ્તાલીસ વર્ષના હતાં તેમના પત્નિ જામનગર કાલાવડ નાકા બહાર અરબ જમાત ખાના પાસે રહેતાં તેતાલીસ વર્ષના નફીસાબેન ઇબ્રાહીમભાઇ માકોડાની ફરિયાદ પરથી બે અજાણ્યા શખ્સો સામે હુમલાનો ગુનો નોંધ્યો હતો. સારવાર દરમિયાન રાજકોટમાં ઇબ્રાહીમભાઇનું મોત થતાં હત્યાની કલમ ઉમરાઇ હતી.



**ક્રોધથી કાળઝાળ માણસ અવાર-નવાર લઇ લે છે કોઇને કોઇ પરિવારના આધારસ્તંભના જીવ**

આ ઘટનાની પોલીસ સમક્ષ વિગતો જણાવતાં નફીસાબેને જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું. મારા પતિ ઇબ્રાહીમભાઇ રિક્ષા ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં હતાં. અમારે સંતાનમાં એક દિકરો બાર વર્ષનો છે. સોળ ડીસેમ્બરના રોજ મારા પતિ ઇબ્રાહીમભાઇ નિત્યક્રમ મુજબ સવારે સાડા સાતેક વાગ્યે ઘરેથી રિક્ષા નં. જીજે૧૦ટીઝેડ-૧૯૯૬ લઇને ભાડા કરવા જવા નીકળ્યા હતાં. જતાં જતાં મને કહેલું કે-હું આપણા સગામાં મૈયત થઇ ગયેલ છે ત્યાં પણ જતો આવીશ. આ પછી સવારે સાડા દસેક વાગ્યે મારા પતિ રિક્ષા લઇને પરત ઘરે આવ્યા હતાં ત્યારે મેં તેમને-તમે શા માટે વહેલા આવી ગયા? તેમ પુછતાં તેણે કહેલું કે હું સાડા નવેક વાગ્યે ડીકેવી રોડ પર રિક્ષામાં મુસાફર ભરતો હતો ત્યારે મારી રિક્ષાની પાછળથી એક બાઇક પર આવેલા બે શખ્સોએ મને ભુંડી ગાળો દીધી હતી. આ પછી આ બંનેએ મને માથા, કપાળ ઉપર ધુંબા મારવા માંડતાં હું નીચે પડી ગયો હતો.

માણસો ભેગા થઇ જતાં આ બંને મને મારી નાખવાની ધમકી આપી જતાં રહ્યા હતા. મને ખુબ દુઃખાવો થતો હોવાથી હું ઘરે આવી ગયો છું તેમ મારા પતિએ કહ્યું હતું. મેં માથામાં હાથ ફેરવી જોતાં લોહી દેખાયુ નહોતું. મારા પતિ થોડીવાર આરામ કરીને ફરી રિક્ષા લઇ સાડા અગીયારેક વાગ્યે ભાડા કરવા નીકળી ગયા હતાં. સાડા બારેક વાગ્યે ફરી તે ઘરે આવ્યા હતાં અને ઘરમાં જઇ સુઇ ગયા હતાં. મેં જમવાનું પુછતાં તેણે મારે જમવું નથી, મને માથામા જમણી બાજુ ખુબ દુઃખાવો થાય છે, મારે સુઇ જવું છે તેમ કહી સુતા હતાં. બાદ સાંજે પોણા પાંચેક વાગ્યે તે જાગ્યા હતાં અને ખુબ ઉલ્ટીઓ કરવા માંડ્યા હતાં. આથી હું ગભરાઇ ગઇ હતી અને તેની પાસે જઇ શું થાય છે? તેમ પુછતાં તે બોલી શક્યા નહોતાં અને તેમનું શરીર ખેંચાવા લાગતાં હું રાડારાડ કરવા માંડી હતી.

આ પછી મેં મારી બહેન ફરઝાનાને ફોન કરતાં તે અને તેનો દિકરો જુનેદ આવી ગયા હતાં. અમે ૧૦૮ બોલાવી મારા પતિને જામનગર જી. જી. હોસ્પિટલમાં લઇ ગયા હતાં. જ્યાં ડોક્ટરે આઇસીયુમાં દાખલ કર્યા હતાં. તે બેભાન હાલતમાં હતાં. મારા પતિ રિક્ષામાંથી મુસાફર ઉતારતા હતાં ત્યારે પાછળ બાઇક પર આવેલા બે શખ્સોએ પતિને ગાળો દઇ માથામાં કપાળે આડેધડ ધુંબા માર્યા હોઇ તેના કારણે તેની હાલત બગડી હતી. તેમ વધુમાં નફીસાબેને કહેતાં પોલીસે અજાણ્યા શખ્સો સામે મારામારીનો ગુનો નોંધ્યો હતો. ઇબ્રાહીમભાઇને વધુ સારવાર માટે ઇબ્રાહીમભાઇને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ આજે તેમનુ મોત થતાં બનાવ હત્યામાં પલ્ટાઇ જતાં પરિવારમાં માતમ છવાઇ ગયો છે. તે પરિવારના એકના એક આધારસ્તંભ હતાં. તેની હત્યાથી પત્નિ અને બાર વર્ષનો દિકરો નોધારા થઇ ગયા છે. આ ઘટનામાં હત્યારા હુમલાખોરોને શોધી કાઢવા જામનગર સીટી બી-ડિવીઝનની ટીમ, ડીસીબી, એલસીબીની ટીમો કામે લાગ્યા છે. ચાલકે મુસાફર ઉતારવા રિક્ષા ઉભી રાખી તે વાત પાછળના ટુવ્હીલરમાં બેઠેલા બે શખ્સને ન ગમી તે કારણે તેણે આ રિક્ષાચાલકનો જીવ જ લઇ લીધો હતો! ક્રોધમાં કાળઝાળ માણસ કઇ હદ સુધી જઇ શકે તેનો આ ઘટના પુરાવો છે.

### વિકૃત હવસખોર શૈતાનો ઠેકઠેકાણે શોધતા હોય છે શિકારઃ બાળકોને બચાવતાં રહો

# બાર વર્ષના બાબા સાથે ઢગાનું કૂકર્મ

### રમી રહેલા બાળકને છરી બતાવી અવાવરૂ જગ્યાએ લઇ જઇ સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચર્યુઃ હવસખોરની ધરપકડ બીજા બનાવમાં આઠ વર્ષની બાળા સાથે લિફ્ટમાં છેડછાડઃ માતાને જાણ કરતાં હવસખોર સકંજામાં આવ્યો

રાજકોટ, તા. ૧૮

વિકૃત હવસખોરો કોઇપણ હદ સુધી જતાં હોય છે. સમાજમાં એવા કેટલાય શૈતાનો હોય છે જે ક્યારેક ફૂલડા જેવી બાળકીઓને પણ પીંખી નાંખતા હોય છે. તો બીજી તરફ એવા પણ હોય છે જે ઘણીવાર બાળકીઓ તો ઠીક સગીર વયના બાળકોને પણ હવસખોરીનો શિકાર બનાવતા હોય છે. આવી જ ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક બાર વર્ષના બાળક સાથે એકવીસ વર્ષના ઢગાએ સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચરી લીધુ હતું. બાળક ઘર નજીક રમતો હતો ત્યારે તેને છરી બતાવીને ડરાવીને અવાવરૂ જગ્યાએ લઇ જવાયો હતો અને બાદમાં કૂકર્મ આચરી લેવાયુ હતુ. બીજી ઘટનામાં એક ઘટનામાં આઠ વર્ષની બાળકી સાથે એક હવસખોરે શારીરિક અડપલા કરી લીધા હતાં.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો અમદાવાદના માધવપુરા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. બાર વર્ષના બાળક સાથે એકવીસ વર્ષના યુવકે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હોવાનું સામે આવ્યું છે. માધવપુરા વિસ્તારમાં બાળક પોતાની ઘરની બહાર અન્ય મિત્રો સાથે રમી રહ્યો હતો. તે જ વિસ્તારમાં રહેતા એકવીસ વર્ષીય યુવકે બાળકને છરી બતાવીને ડરાવ્યો હતો. છરી જોઈને બાળક ડરી જતાં તે બાળકને અવાવરૂ જગ્યાએ લઈ ગયો હતો. અવાવરૂ જગ્યા પર લઈ જઈને યુવકે બાળક સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યુ હતું. ત્યાર બાદ યુવક બાળકને તેના ઘરે પણ ઉતારી ગયો હતો.

પરત આવ્યા બાદ બાળક ગુમસુમ રહેતા તેની પૃછા કરતાં સઘળી હકિકત જણાવતાં હવસખોરનો ભાંડો ફુટયો હતો. જેથી બાળકના પિતાએ માધવપુરા પોલીસ સ્ટેશનમાં યુવક સામે ફરિયાદ નોંધાવી હતી. માધવપુરા પોલીસે એકવીસ વર્ષીય યુવકની ધરપકડ કરી છે.



માધવપુરા વિસ્તારમાં ચોંકાવનારી ઘટના સામે આવતા પોલીસ પણ દોડતી થઈ હતી. પછી હવસખોરને પોલીસે પકડી લીધો હતો. તેનું નામ બાદલ દંતાણીયા છે. બાદલ દંતાણીયાએ બાળકો રમતા હતાં ત્યાં આવીને બાર વર્ષીય બાળકને છરી બતાવીને ડરાવ્યો હતો અને સાથે લઇ જઇ બળજબરી આચરી હતી.

બીજી ઘટના જોઇએ તો ધોળકાના ગ્રામ્ય વિસ્તારના એક પોશ સોસાયટીમાં રહેતી આઠ વર્ષની બાળકી સાથે સોસાયટીના જ એક યુવકે અડપલાં કર્યા હોવાની સનસનાટીભરી ઘટના સામે આવી હતી. ધોળકાના ગ્રામ્ય વિસ્તારની એક પોશ સોસાયટીમાં આઠ વર્ષની બાળકી સાથે સોસાયટીના જ એક યુવકે અડપલાં કર્યા હોવાની ગંભીર ઘટના સામે આવી છે. બાળકીની માતાએ ૧૮૧ મહિલા હેલ્પલાઇન અભયમનો સંપર્ક કરતાં આ મામલો પ્રકાશમાં આવ્યો હતો, જેમાં અભયમ્ ટીમે ત્વરિત કાર્યવાહી કરીને આરોપી યુવક સામે કાયદેસરની કાર્યવાહી કરાવી છે. લિટમાં બની ઘટના ગૂડ ટચ-બેડ ટચની સમજણથી થયો પર્દાફાશ આશરે દસ દિવસ પહેલાં બાળકી ગાર્ડનમાંથી રમીને લિટમાં ઘરે જઈ રહી હતી. તે ભૂલથી પોતાનો લોર બટન દબાવવાનું ભૂલી ગઈ હતી.

આ તકનો લાભ લઈને લિટમાં હાજર સોસાયટીના યુવકે બાળકીને હાથેથી પકડીને તેની છાતી પર હાથ ફેરવ્યો હતો. બાળકીનો માળ આવતાં તે ઉતરી ગઈ હતી. બાળકીએ ઘરે જઈને માતાને સમગ્ર ઘટનાની જાણ કરી હતી, કારણ કે સ્કૂલમાં ગૂડટચ બેડટચઆપવામાં આવેલી માહિતીને કારણે તેને આ કૃત્ય ખોટું લાગ્યું હતું. બાળકીની માતાએ આજે તે યુવકને સોસાયટીના પાર્કિંગમાં જોતાં ૧૮૧ હેલ્પલાઈનની મદદ માંગી હતી. અભયમની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને યુવકનું કાઉન્સેલિંગ કર્યું હતું. કાયદાકીય જોગવાઈઓની ગંભીરતા સમજાવતા યુવકે પોતાની ભૂલ સ્વીકારી લીધી હતી. ૧૮૧ ટીમે બાળકીના માતા-પિતાની ઈચ્છા મુજબ તેમને સ્થાનિક પોલીસ સ્ટેશન લઈ જઈને આરોપી વિરૂધ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી કરાવી હતી. આમ વિકૃત ઢગા ક્યારે કોની સાથે શું કરે તે કહેવું મુશ્કેલ છે.

### લગ્નવાંચ્છુઓને છેતરતી લૂંટેરી દૂલ્હનને પણ ટક્કર મારે તેવી મહિલા

# પાંચ લગ્ન કરી પાંચેય સામે ભરણપોષણના કેસ

## લગ્નના એકાદ વર્ષમાં જ ડખ્ખા ચાલુ કરી કેસ કરી બીજાને પરણી જતીઃ એક પતિએ બોયફ્રેન્ડ સાથે રંગેહાથ પકડી લેતાં ભાંડો ફુટ્યો

રાજકોટ, તા. ૧૮

લગ્નવાચ્છુઓને છેતરતી લૂંટારૂ દૂલ્હન ટોળકી પછી એક એવી મહિલા સામે આવી છે જે લગ્નના નામે ઠગાઇ કરતી હતી. લગ્ન કર્યા બાદ જે તે પુરૂષ સામે ભરણપોષણા કેસ કરીને રોકડા કરતી હતી. આ મહિલાએ એક નહિ પાંચ-પાંચ લગ્ન કાર્ય હતાં અને પાંચેય સામે ભરણ પોષણના કેસ કરી દીધા હતાં. ચોંકાવનારી વાત એ છે કે આ પાંચેય વિરૂધ્ધના કે કોર્ટમાં ચાલુ છે.

વિગતો પર નજર કરીએ તો જુદા જુદા જિલ્લામાં જઇને પાંચ પુરુષો સાથે લગ્ન કરનારી મહિલા તમામ પાસે ભરણપોષણ માગીને અલગ મોડસ ઓપરેન્ડી ધરાવે છે. પાંચ પતિ સામે ભરણપોષણનો કેસ હાલ અલગ કોર્ટમાં ચાલુ છે. અમદાવાદના બે પુરૂષોને ફસાવ્યા છે હજુ તેમની પાસેથી પૈસા પડાવે તે પહેલા બન્ને પુરુષોને તેની જાણ થઇ જતા મહિલા સામે કોર્ટમાં ફરિયાદ કરાઇ છે.આ મહિલા સામે હાલ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો કેસ પેન્ડિંગ છે જેની સુનાવણી જાન્યુઆરીમાં હાથ ધરાશે.

વધુ માહિતી મુજબ અલગ જીલ્લામાં પુરુષોને ફસાવીને તેમની સાથે લગ્ન કરીને માડં એક વર્ષમાં તે ઝઘડો કરીને પતિ સામે ભરણપોષણની અરજી કરવાની યુનિક મોડસ ઓપરેન્ડી ધરાવે છે. મુળ લુણાવાડાની મહિલા વ્યવસાયે વકીલ હોવા છતા પોતે ગૃહિણી હોવાનું જણાવીને જીવનસાથી પંસદગી એપ્લીકેશન પર લગ્ન માટે જાહેરાત આપતી હતી.કોઇ પાત્ર પસંદ આવે તો તેની સાથે મુલાકાતો કરીને પરિવાર ના હોય તેવા વ્યક્તિની પસંદગી કરતી હતી. મહિલાએ અત્યાર સુધી ૫ લગ્ન કર્યા છે. દરકે પાસેથી ઘરેલુ હિંસા, દહેજના નામે ભરણપોષણ માગતી અરજી કરી છે.તમામ કેસ અલગ અલગ જિલ્લાની કોર્ટમાં પેન્ડિંગ છે. પરતું અમદાવાદમાં એક બોયફ્રેન્ડ સાથે ફરતી હતી.

દરમ્યાનમાં અન્ય એક પુરૂષે જીવનસાથી પસંદગીની સાઇટ પર મહિલાનો ફોટો જોયો હતો અને તેણે આ મહિલા બોયફ્રેન્ડનો સંપર્ક કર્યો હતો.બન્નેએ મહિલાની તપાસ કરતા કેસની ભયાનકતા જાણવા મળી. બંનેએ ભેગા થઇને તેના પૂર્વ પાંચ પતિઓનો પત્તો લગાવ્યો હતો. અત્યાર સુધી તેણે લુણાવાડા, વડોદરા, સુરેન્દ્રનગર, સુરતમાં લગ્ન કર્યા છે. તે પૈકીના લગ્ન જીવનથી તેને બે સંતાનો છે. હજુ કેસ પેન્ડીગ છે છતા તેણે જીવનસાથી પંસદગી માટેની વેબસાઇટમાં બે સંતાનો સાથે સ્વીકારી શકે તેવા પતિ માટે ફોટા સાથે



**બીજી ઘટનામાં કુંવારી યુવતિએ પરણેલી પ્રેમિકાને ધરાર સજાતીય સંબંધ રાખવા દબાણ કરી વિડીયો વાયરલ કર્યા!**

જાહેરાત આપી છે.

આ જાહેરાત તેના અત્યારના બોયફ્રેન્ડ જોઇ જતા સમગ્ર કેસનો ભાંડો ફૂટયો હતો. ખતરનાક માનસિકતા ધરાવતી મહિલાને બે સંતાનો છે. તેણે પોતાના બે સંતાનોનું ભરણપોષણ ત્રણ પતિ પાસે માગ્યુ છે.તેને કાયદાનો કે સમાજનો કોઇ ડર નથી.પોતે કાયદો જાણતી હોવા છતા કાયદાનો બિન્દાસ દુરઉપયોગ કરીને પાંચ પુરૂષોના જીવન સાથે કાયદાનો ડર બતાવીને જ પૈસા પડાવી રહી છે. જોકે બે પુરૂષોએ તેના અગાઉના પતિઓનો સંપર્ક શોધીને તેમની સાથે મળીને બાર કાઉન્સિલમાં અને કોર્ટમાં ફરિયાદ કરાશે. આ કિસ્સાએ ભારે ચકચાર જગાવી છે.

બીજી એક ચોંકાવનારી ઘટના જોઇએ તો પિયરમાં રહેતી અપરણિત યુવતી અને તેની સાથે છેલ્લા બાર વર્ષથી પ્રેમ સંબંધમાં રહેલી અન્ય એક પરિણીત મહિલા વચ્ચે કોઇ કારણસર અણબનાવ થતા અપરિણીત યુવતીએ તેની પ્રેમિકાના પતિને અંગત પળોના ફોટો અને વીડિયો મોકલી બ્લેકમૅલ કરતાં અભયમે યુવતીને સમજાવી સમાધાન કરાવ્યું હતું. અમદાવાદ જિલ્લાની આ ઘટના અંગે પીડિત પરિણીતાએ જણાવ્યું હતું કે, તેને પિયરમાં પડોશમાં રહેતી એક અપરિણીત યુવતી સાથે બાર વર્ષથી પ્રેમ સંબંધ હતો. બંને મહિલા હોવા છતાં તેમની વચ્ચે સજાતિય સંબંધ હતો.

તેણીએ કહ્યું કે મારા પતિ ઘેર ન હોય ત્યારે અમે બંને એકબીજા સાથે કોલ કરીએ, વિડિઓ કોલ પણ કરીએ ઉપરાંત અમે બંને પ્રેમીઓની જેમ પતિ જોબ પર જાય ત્યારે એકબીજાને કોલ કરતા પ્રેમીઓ જેવી વાતો કરતા કોઈક વાર એકબીજાને મળતા પણ ખરા. અપરણિત પ્રેમી મહિલાએ મને મંગળસૂત્ર પણ પહેરાવ્યું છે. મંગળસૂત્ર મને આપ્યું છે. હું તેને પતિ જોઈ ના જાય તે રીતે સંતાડી રાખું છું. દોઢ માસ પહેલાં અમારી વચ્ચે ફોન પર ઝગડો થયો. મારી સહેલીનો એવો દૂરાગ્રહ હતો કે હું મારા પતિ સાથે વાત ના કરું, બહાર ફરવા પણ ના જાઉ અને સંબંધ ના રાખું. મેં તેમ કરવાની ના પાડતા તે ઉશ્કેરાઇ ગઇ હતી.

આ દરમિયાન મારા પતિ ઘરમાં જ હતા. તેઓ અમારા વચ્ચેની બધી વાત સાંભળી ગયા હતા. તેથી મેં તેમને તમામ હકીકત જણાવી હતી. પતિએ મને અપરિણીતા સાથે સંબંધ રાખવાની ના પાડતા તેણે અમારા અંગત પળના ફોટો અને વીડિયો મારા પતિને મોકલ્યા હતા. બાદમાં અમે અભયમની મદદ માગતા ટીમે અપરિણીત યુવતીને તેના ઘરે જઇ કાઉન્સેલિંગ કરી ફોટો અને નંબર ડિલીટ કરાવ્યા હતા. તેને સંબંધ પર પૂર્ણ વિરામ મૂકવા સમજાવી હવે તેઓ એકબીજા સાથે કોઇ પ્રકારનો સંબંધ નહીં રાખે તેવું લખાણ કરાવ્યું હતું. આમ ૧૮૧ અભયમની સહાયથી માંડ માંડ મામલો થાળે પડ્યો હતો. અને પતિ-પત્નિએ રાહત અનુભવી હતી.

# કારના ચોરખાનામાં છુપાવેલો અઢી લાખનો દારૂ પકડાયો

## PCBની ટીમે માલીયસણ ચોકડી પાસે કાર્યવાહી કરી

રાજકોટ, તા. ૧૮

દારૂના વધુ એક દરોડામાં કુવાડવા રોડ પર ત્રીમંદીરની સામે પીસીબીની ટીમે બાતમીના આધારે દરોડો પાડી રૂા. ૨.૫૮ લાખના વિદેશી દારૂ ભરેલી કાર સાથે એમપીના ચાલકને પકડી લીધો હતો. માલીયાસણ ચોકડી નજીક એક શખ્સ કારમાં વિદેશી દારૂ સાથે ઉભો હોવાની પીસીબીના એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, હેડ કોન્સ. વિજયભાઇ મેતા અને કોન્સ. નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી ને બાતમી મળતા સ્ટાફ સાથે દરોડો પાડી કારમાં તલાશી લેતા કારમાં ચોરખાનામાંથી રૂા. ૨.૫૮ લાખના વિદેશી દારૂની



૫૦૦ બોટલ મળી આવતા પોલીસે ચાલક બાબુલાલ પ્રેમચંદ બીલવાલ (રહે. ડંગલાવાણી તડવી ફળીયા ડુંન્ગાલીવાની ગામ મધ્ય પ્રદેશ)ને પકડી લીધો હતો.

કારમાંથી વિદેશી દારૂનો જથ્થો તથા કાર મળી રૂા. ૭,૬૩,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી. આ કામગીરી પીસીબીના પીઆઇ એમ. આર. ગોંડલીયા, એમ. જે. હુણા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, એ.એસ.આઇ. સંતોષભાઇ મોરી, મયુરભાઇ પાલરીયા, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, રાહુલગીરી ગૌસ્વામી, પો. કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, હિરેન્દ્રસિંહ પરમાર દ્વારા કરવામાં આવી હતી.

# કામે નીકળેલા વૃધ્ધનું ચક્કર આવતાં મોત

રાજકોટ, તા. ૧૮

વાહન અકસ્માતમાં વધુ એક ભોગ લેવાઇ ગયો છે. ગોંડલમાં નવા માર્કેટ યાર્ડ સામે ખોડીયાનગરમાં રહેતાં સવજીભાઇ ભીમજીભાઇ ભાયાણી નામના પાંસઠ વર્ષના વૃધ્ધ પોતાના ઘરેથી મોટર સાઇકલ હંકારીને નજીકના નાગડકા ગામે પોતાની વાળંદ કામની કેબીન હોઇ ત્યાં કામ કરવા જતાં હતાં ત્યારે ઉંબાળા ચોકડી પાસે ચક્કર આવતાં વાહન સહિત પડી જતાં માથામાં ગંભીર ઇજા થતાં મોત નિપજ્યું છે. સવજીભાઇને ઇજાઓ સાથે ગોંડલની ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. અહિ સારવારમાં મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર સવજીભાઇ બે ભાઇ અને બે બહેનમાં મોટા હતાં. તેમને સંતાનમાં બે દિકરા છે. નાગડકા ગામે વાળંદ કામની કેબીન હોઇ દરરોજ બાઇક પર આવ-જા કરતાં હતાં. આ દરમિયાન આ બનાવ બન્યો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

### પત્નિની હત્યાના ગુનામાં પકડાયો, જેલમાં ગયો, પેરોલ પર છુટ્યો અને ભાગ્યો

# નવ વર્ષથી ફરાર હત્યાનો કેદી ઝડપાયો

## ભાગીને લગ્ન પણ કરી લીધાઃ દિકરાને બિસ્કીટ લેવા લઈ જતો હતો ત્યારે વેશપલ્ટો કરેલી પોલીસ તેના સુધી પહોંચી ગઇ

રાજકોટ, તા. ૧૮

ગમે તેવા શાતીર ગુનેગાર હોય અને ગુનો આચરીને ભાગી જાય તો પણ એક દિવસ પોલીસ તેને શોધી જ લેતી હોય છે. ગંભીર ગુના આચર્યા પછી વર્ષો સુધી ભાગતા ફરતા હોય અને નામ ગામ વેશ બધુ બદલીને રહેતાં હોય છતાં પોલીસ ધારે તો તેને શોધી લેતી હોય છે. આવો જ એક ગુનેગાર હાથમાં આવ્યો છે. નવ વર્ષ પહેલા એક શખ્સ પત્નિની હત્યા કરી હતી અને પછી જેલમાં ગયો હતો. જો કે જેલમાંથી પેરોલ પર છુટીને ભાગી ગયો હતો. નવ વર્ષ પછી પોલીસે તેને દબોચ્યો હતો. પેરોલ પર છુટી બીજા લગ્ન પણ કરી લીધા હતાં, દિકરાને લઇને બીસ્કેટ લેવા જતો હતો ત્યારે વેશપલ્ટો કરીને પોલીસ તેની પાસે પહોંચી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો સુરતની સચિન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક જૂના હત્યાના કેસમાં છેલ્લા નવ વર્ષથી પેરોલ જમ્પ કરીને ભાગતા ફરતા આજીવન કેદના આરોપી પતિને ઝડપી પાડવામાં સચિન પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે ઓપરેશન કારાવાસ હાથ ધરીને હત્યારા પતિને હરિયાણાના ગુરૂગ્રામના ઘાટા ગામ ખાતેથી સ્થાનિક રહેવાસીનો વેશ ધારણ કરીને ઝડપી પાડ્યો હતો.



ઘટનાની વિગત એવી છે કે, સચિન પોલીસ સ્ટેશનમાં ૨૦૦૭માં પત્નીની હત્યાનો એક કેસ નોંધાયો હતો, જેમાં હત્યારા પતિ સુરેન્દ્ર કલ્લુ પ્રસાદ વર્મા જે બેતાલીસ વર્ષનો છે અને મૂળ રહે. બ્યોહરા, ચિત્રકુટ, યુપીનો છે તેને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી.

જો કે આ આરોપી ૨૦૧૬માં પેરોલ પર છૂટ્યા બાદ ફરી જેલમાં હાજર થવાને બદલે ફરાર થઈ ગયો હતો. સચિન પોલીસે ફરાર આરોપી સુરેન્દ્રનું પગેરું મેળવવા માટે ખાસ ઓપરેશન કારાવાસ શરૂ કર્યું હતું. આ અંતર્ગત પોલીસ ટીમ સૌ-થમ સુરેન્દ્રના વતન ચિત્રકુટ ખાતે પહોંચી હતી. જોકે, પોલીસથી બચવા માટે સુરેન્દ્રએ પોતાના માતા-પિતા, ભાઈ સહિત પરિવારના તમામ સભ્યો સાથે સંપર્ક કાપી નાંખ્યો હતો. પરિવારજનોએ પણ તે ક્યાં રહે છે કે શું કરે છે તેનાથી અજાણ હોવાનું જણાવ્યું હતું.

દરમિયાન પોલીસે તપાસનો દોર આગળ વધારતા, અગાઉ સુરેન્દ્ર રિક્ષા ચલાવતો હોવાથી ચિત્રકુટના કર્વી તાલુકામાં રિક્ષા સ્ટેન્ડ પર તેનો ફોટો બતાવી શોધખોળ કરી હતી. આ દરમિયાન એક રિક્ષાચાલક પાસેથી માહિતી મળી કે તે છ મહિના પહેલાં તેના સાળાના લગ્નમાં શંકરગંજ આવ્યો હતો અને બીજા લગ્ન પણ કરી લીધા છે. ઉપરાંત, તે અગાઉ નવી દુનિયા બનકટ ખાતે ભાડુઆત તરીકે રહેતો હતો. પોલીસે ત્યાં પણ દરોડા પાડ્યા હતા, પરંતુ સુરેન્દ્રનો પત્તો મળ્યો નહોતો.

અંતે પોલીસને માહિતી મળી કે આરોપી સુરેન્દ્ર હરિયાણાના ગુરુગ્રામના ઘાટા ગામ ખાતે મજૂરી કરે છે અને ત્યાં જ છુપાયેલો છે. આ માહિતીના આધારે, સચિન પોલીસની ટીમે ગુરૂગ્રામ પહોંચીને સ્થાનિક રહેવાસીઓનો વેશ ધારણ કર્યો. પોલીસે આઠ કલાક સુધી ઘાટા ગામમાં ધામા નાખ્યા હતા અને ચોક્કસ માહિતી મળતા જ તેને ઝડપી પાડ્યો હતો. સુરેન્દ્ર જ્યારે પોતાના પુત્રને બિસ્કિટ લેવા દુકાને જઈ રહ્યો હતો, ત્યારે જ પોલીસે તેને ઝડપી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ નવ વર્ષથી ફરાર આરોપીને ઝડપી પાડવામાં પોલીસને મોટી સફળતા મળી હતી. આમ ગુનેગાર ગમે ત્યાં ભાગે પણ અંતે તો પોલીસના લાંબા હાથ તેના સુધી પહોંચી જ જતાં હોય છે તે વાત વધુ એક વખત સાબીત થઇ હતી.

# જૂગાર રમતાં ૫ પકડાયા

રાજકોટ, તા. ૧૮

જાહેરમાં જૂગાર રમતાં વધુ પાંચ શખ્સ પકડાઇ ગયા હતાં. રૈયા ધાર મફતિયા પરામાં યુનિવર્સિટી પોલીસે દરોડો પાડ્યો હતો. વિગતો જોઇએતો રૈયા ધાર મફતિયાપરામાં કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની બાતમી



મળતા યુનિવર્સિટી પોલીસ મથકના હેડ કોન્સ. નિલેશભાઇ વાવેચા તથા કોન્સ. અર્જુનસિંહ પરમાર સહિતે બાતમીના આધારે રૈયા ધાર મફતીયાપરા પાસે દરોડો પાડી તીનપતીનો જુગાર રમતા રૈયાધાર મફતીયાપરામાં રહેતા રાજુ ધીરૂભાઇ વઢવાણીયા, રણછોડનગર શેરી નં. ૧૮ના ભીમજી અરજણભાઇ લુણાગરીયા, રૈયા ધારના પંકજ ચંદુભાઇ મકવાણા, અલ્કેશ અશોકભાઇ સોલંકી તથા ભગવતીપરાના રમેશ જીણાભાઇ સોલંકીને પકડી લઇ રૂા. ૧૪૭૦૦ની રોકડ સહિતની મતા કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

### એક વખત જ્યાં હોટલ હતી તે પાડી નખાતા ફરી એ જ સ્થળે ધંધો ચાલુ કરતાં નોટીસ મળી

# આશરો જવાના ડરે દંપતિએ પીધું ઝેર

## ફરીથી જ્યાં ધંધો ચાલુ કર્યો એ બંધ ન થાય તો ઘર પાડી નખાશે કહી તંત્રવાહકો ઘરે પહોંચી ગયાઃ ચિઠ્ઠીમાં અધિકારીઓ સહિતના નામોઃ પડધરીના સરપકડદની ચકચાર જગાવતી ઘટનાઃ દંપતિ રાજકોટ સારવાર હેઠળ

રાજકોટ, તા. ૧૮

દૂકાનના ડીમોલીશન બાદ હવે મકાનને પણ પાડી નાખવાની ધમકીઓ અને નોટીસ આપી હેરાન કરવામાં આવતાં હોવાના આક્ષેપ સાથે ચાની હોટલના ધંધાર્થી યુવાન અને તેના પત્નિએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. રાજકોટ જીલ્લાના પડધરીના સરપરદડ ગામની આ ઘટના છે. અગાઉ તંત્રએ આ યુવાનની હોટલ અન્ય દુકાનદારોની સાથે પાડી નાંખી હતી. ફરીથી બધાએ આ જગ્યાએ જ ધંધો ચાલુ કરી દીધો હોઇ આ યુવાને પણ છાપરૂ બાંધી લારી રાખી ચાનો ધંધો ચાલુ કરતાં તેને આ ધંધો બંધ કરી દેવાનું કહી નોટીસ ફટકારાતાં અને તેના ઘરે પણ તંત્રાવાહકોએ પહોંચી હેરાન કરતાં પોતે અને પત્નિ ઝેર પી ગયાનું યુવાને કહ્યું હતું. તેમજ આ પગલુ ભર્યા પહેલા એક સ્યુસાઇડ નોટ પણ લખી હતી.

વિગતો પર નજર કરીએ તો સરપદડ ગામે રહેતાં તેતાલીસ વર્ષના રાજેશભાઇ છગનભાઇ સનુરા અને તેના પત્નિ બેતાલીસ વર્ષના દક્ષાબેન રાજેશભાઇ સનુરાએ ઘરે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં બંનેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. દંપતિએ આક્ષેપ કર્યો હતો કે ગામના બસ સ્ટેશન પાસે આવેલી તેની ચાની હોટેલ-દુકાનનું અગાઉ ડિમોલીશન કરાવી પડાવી નખાઇ હતી. હવે ફરીથી તેના સહિત બીજા લોકોએ દૂકાનો-હોટલ ચાલુ કર્યા છે. પણ તેમાંથી માત્ર તેમને જ તંત્ર તરફથી નોટીસ મળે છે અને હોટલ બંધ કરી દેવાનું કહેવાય છે. આ ઉપરાંત હવે ઘર પણ પાડી નાખવાનું છે તેવી નોટીસ અપાય છે અને તંત્રવાહકો ઘરે પહોંચી જાય છે. હેરાનગતિને લીધે આ પગલુ ભર્યુ હતું. ચિઠ્ઠીમાં પણ તંત્રવાહકો સામે આક્ષેપો કરાયા હોઇ ચકચાર મચી ગઇ છે. આ મામલે પોલીસે તપાસ શરૂ કરી હતી.

આ અંગેની વધુ માહિતી અનુસાર રાજેશભાઇ સનુરા બે ભાઇ અને એક બહેનમાં બીજા છે.





તેમને સંતાનમાં બે દિકરા અને ત્રણ દિકરી છે. હોસ્પિટલના બિછાનેથી રાજેશભાઈએ કહ્યું હતું કે સરપદડ ગામના બસ સ્ટેશન પાસે મારે વર્ષોથી ચાની હોટલ હતી. જે અગાઉ પાડી નખાઇ છે. ડિમોલીશનમાં કુલ બોંતેર દુકાનો-છાપરા-હોટલો પાડી નખાયા હતાં. જેને કારણે મારે પાંચ લાખની નુકસાની ગઇ હતી અને હું દેણામાં આવી ગયો છું. હવે ફરીથી બધાએ એ જ સ્થળે દૂકાનો-થડા ચાલુ કરી દેતાં મેં પણ મારી જગ્યાએ હોટલ ચાલુ કરી છે. પરંતુ માત્ર મને એકને જ હવે તંત્રવાહકો નોટીસ આપે છે અને ચાની હોટલ બંધ કરી દેવાનું કહે છે.

આ ઉપરાંત હવે તો મારા ઘરે પણ તંત્રવાહકો ગાડીઓ લઇને આવે છે અને કહે છે કે જો તમે ચાલુ કરેલી દૂકાન-હોટલ બંધ નહિ કરો તો તમારા ઘરનું પણ ડિમોલીશન થઇ જશે. રાજેશભાઇએ આગળ કહ્યું હતું કે એક તરફ મારો ધંધો રોજગાર છીનવાઇ ગયા છે અને પાંચેક લાખનું દેણું થઇ ગયું છે ત્યારે બીજા ધંધાર્થીઓની સાથે મેં પણ ફરીથી ધંધો ચાલુ કર્યો છે. પરંતુ કોઇપણ કારણોસર માત્ર મને જ ટારગેટ બનાવી હેરાન કરાય છે. આ કારણે કંટાળીને મેં અને મારા પત્નિએ મરી જવા માટે ઝેરી દવા પી લીધી હતી. રાજેશભાઇએ અને તેના પત્નિએ ઝેર પીધા પહેલા એક ચિઠ્ઠી લખી છે. જેમાં તંત્રવાહકો વિરૂધ્ધ આક્ષેપો છે. સાતેક લોકોના નામ ચિઠ્ઠીમાં લખ્યા છે.

આ બધાના ત્રાસથી પોતે પગલુ ભરી રહ્યા છે, અમારા છોકરાઓને ન્યાય અપાવજો કોળી સમાજ. તેવુ લખાણ કર્યુ છે અને સરપદડમાં ૭૦ ટકા મકાનો ખરાબામાં હોવાનું તેમજ ગૌચરની જગ્યામાં પણ દબાણો હોવાનું ચિઠ્ઠીમાં લખ્યું છે. હોસ્પિટલ ચોકીના અમૃતભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ, રવિભાઇ, શક્તિસિંહ સહિતે પડધરી પોલીસને જાણ કરતાં તપાસ હાથ ધરવામાં આવી છે. ખરેખર ચિઠ્ઠીમાં જેમના નામો લખ્યા છે તેમનો આ હેરાનગતીમાં શું અને કેવો રોલ છે? આક્ષેપોમાં કેટલુ તથ્ય છે? તેની તપાસ પોલીસે શરૂ કરી છે. પડધરી પંથકમાં આ ઘટનાએ ચકચાર જગાવી દીધી છે. કોળી સમાજ પાસે પણ આ દંપતિએ મદદ માંગી છે.

# પશ્ચિમ-દક્ષિણ મામલતદારનું ડિમોલિશન

## 30 કરોડથી વધુની જગ્યા ખુલ્લી : મતદાર સુધારાની કામગીરીમાં હળવા થતા જ અધિકારીઓએ દબાણો દૂર કરવાનું કામ લીધું હાથ પર

રાજકોટ, તા. ૧૮

છેલ્લા ઘણા સમયથી શહેરમાં દબાણો દૂર કરવાની કામગીરી મહાનગરપાલિકાની સાથોસાથ રેવન્યુ વિભાગ કરી રહ્યું છે ત્યારે સરકારી જમીન ઉપર ખડકાઈ ગયેલા દબાણ અને તોડી પાડવા માટે હાલ તંત્ર ફરી વખત સક્રિય થયું. ગઈકાલે 30 કરોડથી વધુ ની કિંમતની સરકારી જમીન ઉપર બુલડોઝર ફેરવવામાં આવ્યું છે. મતદાર સુધારણા કામગીરીમાં હાલ કર્મચારીઓ થોડા ઘણા અંશે ફ્રી થયા છે ત્યારે દબાણો જે થયેલા હોય તેને દૂર કરવા માટે ફરી તેઓ કામે લાગ્યા છે મળતી માહિતી મુજબ જિલ્લા કલેકટર દ્વારા કડક આદેશ આપવામાં આવ્યા છે અને પરિણામ સ્વરૂપે ધડાધડ દબાણો દૂર થઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ગઈકાલે દક્ષિણ અને પશ્ચિમ મામલતદાર દ્વારા વિવિધ જગ્યાઓ પર ખડકાયેલા રહેણાંક અને વાણિજ્ય દબાણો દૂર કરવામાં આવ્યા છે અને તેના પર બુલડોઝર પણ ફેરવી દેવામાં આવ્યું છે. દક્ષિણ મામલતદાર દ્વારા મવડી વિસ્તારમાં આવેલ સર્વે નં.૧૯૪ પૈકીની ૧૪૦૦ ચો. મી. જમીન ઉપર ખડકાઈ ગયેલ પાકુ દબાણ અને અન્ય કાચા ઝુંપડાઓ તોડી પાડેલ હતા. આ જમીનની કિંમત આશરે રૂા.૮.૫૦ કરોડ થવા જાય છે.

જયારે પશ્ચિમ મામલતદાર દ્વારા રૈયા ગામ પાસે આવેલ સરકાર હસ્તકની ૪૦૦ ચો.મી. જમીન અને રૈયા સ્મશાન પાછળ આવેલ ૧૨૦૦ ચો.મી. જમીન ઉપરથી ઢોર બાંધવાના ઢાળીયા અને ડોગ હોસ્ટેલના દબાણો ઉપર બુલડોઝર ફેરવી દીધુ હતું. આ જમીનની કિંમત આશરે રૂા.૨૦ કરોડ થવા જાય છે તથા શીતલપાર્ક ચોકડીથી રૈયા ધાર તરફ જતા શીનગર વિસ્તારમાં ૧૪૦૦ ચો.મી. જમીન ઉપરથી ખજુરનું કારખાનું પણ હટાવવામાં આવેલ હતું.

જીલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશની સુચના મુજબ દક્ષિણ મામલતદાર દ્વારા એમ મવડીમાં આવેલી ૧૪૦૦ ચો.મી. જેટલી ૮.૫૦ કરોડની કિંમતની સરકારી જમીન પરથી કાચા પાકા દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવાયું હતું અને સરકારી



જમીન ખુલ્લી કરી દેવાઈ હતી. આ અંગેની દક્ષિણ મામલતદાર કચેરીના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ આજે સવારના દક્ષિણ મામલતદાર અને તેની ટીમ દ્વારા રાજકોટ શહેરમાં મવડીમાં સરકારી ખરાબાના સર્વે નં.૧૯૪ પૈકીની જમીનમાં છેલ્લા કેટલાક સમયથી ભલાભાઈ અમરાભાઈ દ્વારા ૬૦૦ ચો.મી. સરકારી જમીનમાં કરેલ પાકુ દબાણ અને ૮૦૦ ચો.મી. જમીનમાં કરેલ ઝુંપડાના દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવાયું હતું.

આ દબાણકર્તાને તંત્ર દ્વારા અગાઉ પણ નોટીસ અપાઈ હતી છતાં તેઓએ સ્વૈચ્છાએ દબાણ નહીં હટાવાતા આજરોજ જીલ્લા કલેકટરની સુચના અન્વયે પ્રાંત અધિકારી ડો. સી.એમ. પરમારના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર દક્ષિણના મામલતદાર, ના.મામલતદાર અને મહેસુલી તલાટીની ટીમ દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે પીજીવીસીએલ અને મહાનગર પાલિકાને સાથે રાખી દબાણોને તોડી પાડવામાં આવેલ હતા.

જીલ્લા કલેકટરની સુચના મુજબ પશ્ચિમ મામલતદાર અજીત જોષી અને તેની ટીમ દ્વારા રૈયા ગામ પાસે અને રૈયા ધાર તરફની રૂા.૨૦ કરોડથી વધુની સરકારી જમીનમાંથી માલઢોલ બાંધવાના ઢાળીયા તથા ગેરકાયદેસર ડોગ હોસ્ટેલ અને ખજૂરના કારખાનાના દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવાયું હતું. જે દબાણ દુર કરી ૪૦૦ ચો.મી. સરકારી જમીન ખુલ્લી કરાવાઈ હતી આ ઉપરાંત રૈયા સ્મશાન પાછળ આવેલ સરકારીની માલીકીની ૧૨૦૦ ચો.મી. જમીન ઉપર ગેરકાયદેસર ચલાવાતી ડોગ હોસ્ટેલનું દબાણ પણ હટાવી દેવાયું હતું. જયારે પશ્ચિમ મામલતદાર દ્વારા શિતલપાર્ક ચોકડીથી રૈયાધાર તરફ જતા શીનગર વિસ્તારમાં આશરે ૪૦૦ ચો.મી. સરકારી જમીન ઉપર કબ્જો કરી ખજૂરનું કારખાનું ચલાવાતુ હતું જે પણ આજે રેવન્યુ તંત્રએ હટાવી દીધુ હતું. આ કામગીરીમાં પશ્ચિમ મામલતદાર અજીત જોષી તેમની કચેરીનો સ્ટાફ, પીજીવીસીએલ, પોલીસ અને આરએમસીના જેસીબી ડમ્પર જોડાયા હતા. આગામી દિવસોમાં પણ જે દબાણો થયેલા છે તેને દૂર કરવા માટેના જરૂરી પગલાઓ લેવામાં આવશે તેવું ચિત્ર હાલ સામે આવી રહ્યું છે બીજી તરફ અત્યારે વાઈબ્રન્ટ કોન્ફરન્સને ધ્યાને લઈને પણ હાલ દબાણો દૂર કરવા માટે તંત્ર એડી ચોટીનું જોર લગાવી રહ્યું છે.

### વડાપ્રધાનના આગમન પૂર્વે રેવન્યુ વિભાગ થયું સતર્ક
### સાંભળવાની પણ જોગવાઈ તો ડિમોલિશન થશે ક્યારે?

# જંગલેશ્વરમાં ૬૦૦ દબાણો દૂર કરવા મામલતદારની નોટિસ



રાજકોટ, તા. ૧૮

એક તરફ રાજ્ય સરકાર દબાણ ગુજરાત બનાવવા માટેની મથામણ કરી રહ્યું છે ત્યારે ૧૦ તારીખે વડાપ્રધાન રાજકોટના મહેમાન બનવાના છે તે પૂર્વે રાજકોટમાં જે તે વિસ્તારમાં થયેલા દબાણોને દૂર કરવા માટેની નોટિસો આપવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. સરકારી જગ્યા પર ખડકાયેલા દબાણ અને દૂર કરવા માટે વિવિધ ઝોન કચેરીઓ તથા મામલતદારો દ્વારા દબાણ કરતા અને નોટિસ આપવામાં આવી છે ત્યારે ગઈકાલે પૂર્વ મામલતદાર દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં ખડકાયેલા ૬૦૦ થી વધુ ઝૂંપડાઓ ને સ્વયંભૂ રીતે દૂર કરવા માટે નોટિસ ની બજવણી કરી છે અને આવનારા દિવસોમાં તેઓને સાંભળવામાં પણ આવશે તેવું પણ જણાયું છે. ત્યારે પ્રશ્ન ઉભો થાય છે કે જો એક સપ્તાહની અંદર યોગ્ય નિવેડો નહીં આવે તો અરજદારોને તંત્ર સાંભળશે ક્યારે અને જો ડિમોલિશન જ કરવું હોય તો આટલી વાટ શું કામ ? બીજી તરફ જોવાનું એ રહ્યું કે જે દબાણકર્તાઓને નોટીસ આપવામાં આવી છે તેનો સાચો હેતુ શું છે તે હવે જોવાનું રહ્યું. બીજી તરફ તંત્રને પણ ખ્યાલ છે કે વિવિધ સરકારી જગ્યાઓ પર દબાણો થયેલા છે ત્યારે જે તે વખતે કેમ તેને દૂર કરવામાં ન આવ્યા અને હવે જ્યારે વડાપ્રધાન રાજકોટ આવી રહ્યા છે ત્યારે તાકીદે તંત્ર દ્વારા વિવિધ દબાણ કરતા અને જે નોટિસ આપવામાં આવી રહી છે તેનો હેતુ શું ? તે અંગે એક નહીં અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે

રાજકોટમાં આવતા મહિનામાં જ વડાપ્રધાનની ઉપસ્થિતિમાં વાઈબ્રન્ટ સમીટનું જાજરમાન આયોજન થવા જઈ રહ્યું છે. ત્યારે રાજકોટ જીલ્લા રેવન્યુ તંત્ર પણ ફરી એકવાર સરકારી જમીનો ઉપર ગેરકાયદેસર ખડકાઈ ગયેલા દબાણોની સાફસફાઈ માટે સક્રિય બની ગયું છે. પશ્ચિમ અને દક્ષિણ મામલતદાર કચેરી દ્વારા જીલ્લા કલેકટરની સુચના મુજબ બે સ્થળોએથી કરોડો રૂપિયાની સરકારી જમીન ઉપરના દબાણો સાફ કરાવી દીધા છે. બરોબર ત્યારે જ પૂર્વ મામલતદાર કચેરી પણ દબાણો સામે સક્રિય બની છે. રાજકોટ શહેરના આજી નદીના કાંઠે આવેલા જંગલેશ્વર વિસ્તારમાં આશરે ૮૦,૦૦૦ ચો.મી. જમીન ઉપર ગેરકાયદેસર ખડકાઈ ગયેલા ૬૦૦થી વધુ રહેણાક અને કોમર્શીયલ દબાણોને સ્વૈચ્છીક રીતે હટાવી દેવા માટે કલમ ૬૧ હેઠળ નોટીસો પાઠવવાનું શરૂ કર્યું છે. પૂર્વ મામલતદાર નિલેશ અજમેરા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે હાલ કલેકટરના હુકમથી જંગલેશ્વરના ટીપી સરવે નંબર છ પૈકીના જે ફાઈનલ પ્લોટ છે તેમાં ખડકાયેલા કોમર્શિયલ તથા રહેણા દબાણોને હટાવવા માટે ટીમ દ્વારા ગઈકાલ સવારથી જ નોટિસો આપવાનું કાર્ય શરૂ કર્યું હતું અને બપોર સુધીમાં તે કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવી હતી. હવે આ અરજદારોને ક્યારે સાંભળવામાં આવશે અને કેટલા સમયની મુદત આપવામાં આવી છે તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી ત્યારે માત્ર જંગલેશ્વર વિસ્તાર જ નહીં પરંતુ રાજકોટના ઘણા ખરા વિસ્તારોમાં દબાણો થયેલા છે તે વાતમાં કોઈ શંકાને સ્થાન નથી અને તંત્ર ઢીલી નીતિથી જ કામ કરતું હોય તેવા એક નહીં અનેક ઉદાહરણો સામે આવ્યા છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, જંગલેશ્વર વિસ્તારની આ કરોડો રૂપિયાની સરકારી જમીન ઉપર વર્ષોથી ગેરકાયદેસર દબાણો ખડકાયા છે. પરંતુ રેવન્યુ તંત્રના ધ્યાને હવે આ બાબત આવતા તંત્રએ આળસ મરડી છે. અને આજથી જંગલેશ્વરમાં ૬૦૦ પૈકી ૩૦૦ જેટલા દબાણકર્તાઓને નોટીસો ફટકારી હતી. જંગલેશ્વર સંવેદનશીલ વિસ્તાર હોય અત્રે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે રેવન્યુ તંત્રની ટીમોએ નોટીસોની બજવણી કરી હતી. કલમ-૬૧ હેઠળ અપાયેલી આ નોટીસો બાદ હવે રેવન્યુ તંત્ર દબાણકર્તાઓને સાંભળશે.

# આવક ઊભી કરવા મનપાએ સાત પ્લોટ વેચવા કાઢ્યા

## ૫૦૦ કરોડની આવકની શક્યતા : પ્રતિ ચોરસ મીટર બે લાખ ભાવ નક્કી

રાજકોટ, તા. ૧૮

મહાનગરપાલિકા દ્વારા હાલ આવક ઊભી કરવા માટે પ્લોટ વેચવાનો નિર્ણય લઈ લીધો છે કારણ કે ખર્ચ વધતા મનપાની તિજોરી તળિયા જાટક થઈ ચૂકી છે અને ટીપીના પ્લોટનું વેચાણ કરી આવક ઊભી કરવા માટેના તમામ પ્રયત્નો લેવામાં આવ્યા છે. હાલ આવક ઊભી કરવા માટે મહાનગરપાલિકા દ્વારા તેમના પ્રાઇમ લોકેશન ઉપર આવેલા સાત પ્લોટ વેચવા માટેની તૈયારીઓ શરૂ કરી દીધી હોવાનું હાલ જાણવા મળ્યું છે. અંદાજે ૪૦,૦૦૦ ચો. મી.નુ વેચાણ કરી રૂા.૩૬૦ કરોડની આવક ઉભી કરવામાં આવશે તેમ ટાઉનપ્લાનિંગ વિભાગમાંથી જાણવા મળેલ છે અને હરાજી અંગેની જાહેરાત કરાવમાં આવશે.

ખર્ચ વધતા તિજોરી કાયમી તળીયાઝાટક રહેતી હોય છે. નિયમ મુજબ તંત્ર દ્વારા વેચાણના હેતુ માટે મુકવામાં આવેલા ટી.પી.ના પ્લોટનુ વેચાણ કરી આવક ઉભી કરે છે. અગાઉ જાહેરાત થયા બાદ હવે મનપાએ પ્રાઈમ લોકેશન ઉપર આવેલા સાત પ્લોટ વેચવા માટેની તૈયારીઓ આરંભી છે. અંદાજે ૪૦,૦૦૦ ચો.મી.નુ વેચાણ કરી રૂા.૩૫૦ કરોડની આવક ઉભી કરવામાં આવશે તેમ ટાઉનપ્લાનિંગ વિભાગમાંથી જાણવા મળેલ છે. મહાનગરપાલિકા દ્વારા ત્રણ વર્ષ બાદ જમીન વેચાણ માટે કાર્યવાહી હાથ ધરાઇ છે. રાજકોટ મહાપાલિકાની આર્થિક હાલત અગાઉ જેવી સક્ષમ રહી નથી. કરોડો રૂપિયાની ફિકસ ડિપોઝીટો હતી તે તોડી તોડીને વાપર્યા બાદ હવે જમીનોના પ્લોટ વેચવા પડે તેવી સ્થિતિ ઉભી થતા મનપા દ્વારા ટી.પી.ના સાત પ્લોટ વેચાણ માટે મૂકવામાં આવ્યા છે અને તેની




મંજૂરી મળતા હરાજી માટેની કાર્યવાહી હાથ ધરાઈ છે. સાડા ત્રણસો કરોડની આવક જમીન વેચીને ઉભી કરવાનો નિર્ધાર છે.

અગાઉ સરકારે કડક વલણ રાખતા ગત ત્રણ વર્ષ સુધી જમીનના પ્લોટ વેચી શકાયા ન હતા અને હવે સરકારે મંજૂરી આપતા કામગીરી શરૂ કરવામાં આવી છે. શાસકો દ્વારા ચૂંટણી વર્ષને ધ્યાને રાખીને વેરા વધારાની દરખાસ્ત માન્ય રાખવામાં આવી ન હતી અને તેના કારણે મનપાની મહેસુલી આવક ખર્ચ કરતા ૪૦ ટકા આસપાસ ઓછી થવાની ધારણા છે અને તેની સામે નવી ભરતીઓને કારણે મહેકમ ખર્ચ વધવાનો છે. સફાઈ કામદારોની ભરતી માટેની તૈયારીઓ થઈ ચુકી છે અને ત્યારબાદ પગારબિલ ૨૦ ટકા વધી જાય તેવી સંભાવના છે ત્યારે મહેસુલી ખર્ચ માટે રકમ વધે તેવી સ્થિતિ નથી. મોટા પ્રોજેકટ માટે કેપીટલ સરકાર જોઈએ તેટલી આપી દે છે પણ મહેસુલી ખર્ચ માટે મનપાએ પોતાની આવક ઉપર જ આધાર રાખવાનો રહે છે. જેના લીધે પ્લોટનુ વેચાણ કરવુ ફરજિયાત બન્યુ છે. આ વખતે પણ આવી સ્થિતિ જણાતા માર્ચ એન્ડ પહેલા સાડા ત્રણસો કરોડની આવક જમીન વેચાણથી કરવા માટે કાર્યવાહી શરૂ થઈ છે. રીંગરોડ, રૈયા રોડ, મોરબી રોડ ઉપરના કિંમતી ટી.પી. પ્લોટના વેચાણ માટે પસંદ કરાયા છે. ૪૦ હજાર ચો.મી. જમીન વેચાણ માટે પસંદ કરવામા આવી છે.

મહાનગરપાલિકા દ્વારા ત્રણ વર્ષ બાદ જમીન વેચાણ માટે કાર્યવાહી હાથ ધરાઇ છે. રાજકોટ મહાપાલિકાની આર્થિક હાલત અગાઉ જેવી સક્ષમ રહી નથી. કરોડો રૂપિયાની ફિકસ ડિપોઝીટો હતી તે તોડી તોડીને વાપર્યા બાદ હવે જમીનોના પ્લોટ વેચવા પડે તેવી સ્થિતિ ઉભી થતા મનપા દ્વારા ટી.પી.ના સાત પ્લોટ વેચાણ માટે મૂકવામાં આવ્યા છે અને તેની મંજૂરી મળતા હરાજી માટેની કાર્યવાહી હાથ ધરાઈ છે. સાડા ત્રણસો કરોડની આવક જમીન વેચીને ઉભી કરવાનો નિર્ધાર છે. અગાઉ સરકારે કડક વલણ રાખતા ગત ત્રણ વર્ષ સુધી જમીનના પ્લોટ વેચી શકાયા ન હતા અને હવે સરકારે મંજૂરી આપતા મનપાએ લગડી જેવા ૭ પ્લોટ વેચવાની જાહેરાત કરવામાં આવશે.

મહાનગરપાલિકા દ્વારા આ વર્ષે બજેટમાં સુચવામાં આવેલ વેરા વધારાની દરખાસ્ત શાસક પક્ષ દ્વારા માન્ય રાખવામાં આવી ન હતી અને તેના કારણે મનપાની મહેસુલી આવક ખર્ચ કરતા ૪૦ ટકા આસપાસ ઓછી થવાની ધારણા છે અને તેની સામે નવી ભરતીઓને કારણે મહેકમ ખર્ચ વધવાનો છે. સફાઈ કામદારોની ભરતી માટેની તૈયારીઓ થઈ ચુકી છે અને ત્યારબાદ પગારબિલ ૨૦ ટકા વધી જાય તેવી સંભાવના છે ત્યારે મહેસુલી ખર્ચ માટે રકમ વધે તેવી સ્થિતિ નથી. મોટા પ્રોજેકટ માટે કેપીટલ સરકાર જોઈએ તેટલી આપી દે છે પણ મહેસુલી ખર્ચ માટે મનપાએ પોતાની આવક ઉપર જ આધાર રાખવાનો રહે છે.

જેના લીધે પ્લોટનુ વેચાણ કરવુ ફરજિયાત બન્યુ છે. આ વખતે પણ આવી સ્થિતિ જણાતા માર્ચ એન્ડ પહેલા સાડા ત્રણસો કરોડની આવક જમીન વેચાણથી કરવા માટે કાર્યવાહી શરૂ થઈ છે. રીંગરોડ, રૈયા રોડ, મોરબી રોડ ઉપરના કિંમતી ટી.પી. પ્લોટના વેચાણ માટે પસંદ કરાયા છે. ૪૦ હજાર ચો.મી. જમીન વેચાણ માટે પસંદ કરવામા આવી છે. બીજી તરફ વેરાની આવક પણ પૂર્ણ ન થાય તેવી શક્યતા જોવા મળી રહી છે ત્યારે આ તમામ બાબતોની ગંભીરતા ને ધ્યાને લઈ હવે આગામી દિવસોમાં તંત્ર સુ પગલાં લેશે તે જોવાનું રહ્યું.

# સમરસ-RBA પેનલ વચ્ચે જામશે જંગ

## રાજકોટ સહિત રાજ્યભરમાં બાર એસોસિએશનની ચૂંટણીનું ફૂંકાયું બ્યૂગલ

રાજકોટ, તા. ૧૮

રાજ્યમાં આવેલા તમામ બાર એસોસિએશનની ચૂંટણી આજે યોજવાની છે. ભારતના સૌથી મોટા બારમાં જેની ગણતરી થાય છે અને ગુજરાતના સૌથી મોટા વકીલોના બાર એવા અમદાવાદ ક્રિમીનલ કોર્ટ બાર એસોસિએશનની ચૂંટણી આજે યોજાવવાની છે. જેમાં ૯ હજારથી વધુ સભ્યો નોંધાયેલા છે. આજે ૬ હજારથી વધુ મતદારો મતદાન કરશે. જેમાં હોદ્દેદારોનું પરિણામ સાંજ સુધીમાં જાહેર થઈ જાય તેવી શકયતાઓ છે. આજે બાર એસો.ની ચૂંટણી છે. જેમાં ૧૬ પદ માટે ૪૦ ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ થશે. બે પેનલની સીધી ટક્કર છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ બારમાં ૪૨૦૦થી વધુ મતદાર છે.

છેલ્લા ઘણા સમયથી આતુરતાપૂર્વક જે ચૂંટણીની રાહ જોવાતી હતી તે બાર એસોસિએશનની ચૂંટણી આજે યોજાશે તેમાં આરબીએ તથા સમરસ પેનલ વચ્ચે કાંટે કી ટક્કર જોવા મળશે. અગાઉ સમરસ પેનલ ના ઉમેદવાર ચૂંટણી ન લડી શકે તેવી વાતો વહેતી થઈ હતી પરંતુ તે વાત ઉપર પણ પૂર્ણવિરામ લાગતા હવે સંદીપ વેકરીયા ચૂંટણી લડશે ત્યારે શું પરિણામ આવે છે તેના પર દરેકની મીટ મંડાયેલી છે. બંને પક્ષો દ્વારા એડી ચોટીનું જોર લગાવી ચૂંટણી માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે પરંતુ કોને મત વધુ મળે છે તે કાલે માલુમ પડશે.

પેનલોમાં આરબીએ પેનલના ઉમેદવાર જોઈએ તો, પ્રમુખ સુમિત વોરા, ઉપપ્રમુખ બિમલ જાની, સેક્રેટરી નિલેશ પટેલ,



જો.સેક્રેટરી જયેન્દ્ર ગોંડલીયા, ટ્રેઝરર પ્રગતિ માકડીયા, લાઈબ્રેરી સેક્રેટરી કેતન મંડ કારોબારી સભ્ય (સામાન્ય) સંજય ડાંગર, સ્તવન મહેતા, ભાર્ગવ પંડ્યા, વિજય રૈયાણી, અશ્વિન રામાણી, હસમુખ સાગઠીયા, કલ્પેશ સાકરીયા. કારોબારી સભ્ય (મહિલા અનામત) નિશાબેન લુણાગરીયા, મિનલબેન સોનપાલ, રક્ષાબેન ઉપાધ્યાય છે.

સમરસ પેનલના ઉમેદવારના ઉમેદવારો જોઈએ તો પ્રમુખ સુરેશ ફળદુ, ઉપપ્રમુખ સિધ્ધરાજસિંહ જાડેજા, સેક્રેટરી મેહુલ મેહતા, જોઈન્ટ સેક્રેટરી સંદિપ વેકરીયા, ટ્રેઝરર રેખાબેન લીંબાસીયા(પટેલ), લાઈબ્રેરી સેક્રેટરી સાગર હપાણી, કારોબારી સભ્ય (સામાન્ય) અમિત વેકરીયા, કશ્યપ ઠાકર, દિપ વ્યાસ, જતીન ઠકકર, યશ ચોલેરા, કેતન જેઠવા, રણજીત મકવાણા. કારોબારી સભ્ય (મહીલા અનામત) હીરલબેન જોષી, મીતાબેન રાવ, અલ્કાબેન પંડયા છે.

જ્યારે સ્વતંત્ર ઉમેદવારોમાં પ્રમુખ પદે નિરવ પંડયા અને હરિસિંહ વાઘેલા, સેક્રેટરી પદે અનિલ ડાકા(પટેલ) અને ગૌતમ રાજ્યગુરુ, જોઈન્ટ સેક્રેટરી પદે ધીમંત જોશી, લાયબ્રેરી સેક્રેટરી પદે અનિલ ડાકા(પટેલ), કારોબારી સભ્ય (સામાન્ય) દિપક બારોટ, કારોબારી સભ્ય (મહિલા અનામત) મેઘાવીબેન ગજ્જર અને વૈશાલીબેન વિઠ્ઠલાણીએ ઉમેદવારી નોંધાવી છે. આવતીકાલે તા. ૧૯ના રોજ સવારે ૯ વાગ્યાંથી બપોરે ૩ વાગ્યા સુધી નવી કોર્ટનાં બાર એસો. રૂમમાં મતદાન થશે. વકીલોમાં તેને લઈ ઉત્સાહ છે.